# જામનગર મહાનગરપાલિકા

## *સને. ૨૦૧૭–૧૮ રિવાઈઝડ અને સને ૨૦૧૮–૧૯ના ડ્રાફટ અંદાજપત્ર અંગે કમિશ્નરશ્રી આર.બી. બારડ, આઈએએસ નું નિવેદન*

જામનગર મહાનગરપાલિકા દ્વારા હાથ ધરવામાં આવી રહેલ વિકાસના કાર્યોની ધુરા જેમના સક્ષમ હાથોમાં છે, તેવા આ શહેરના મેયર પદે બીરાજેલ શ્રીમતી પ્રતિભાબેન કનખરા, ડે. મેયર પદે બીરાજેલ શ્રી ભરતભાઈ મહેતા તથા સ્થાયી સમીતીના અધ્યક્ષ પદે બીરાજેલ શ્રી કમલાસિંહ રાજપુત, સ્થાયી સમીતીના સદસ્યશ્રીઓ તથા અન્ય તમામ મ્યુનિ. સભ્યશ્રીઓને હું અભિવાદન સહ આવકારૂ છું.

ગત વર્ષમાં વર્ષ ૨૦૧૭–૧૮નું અંદાજપત્ર રજૂ કરતી વખતે માળખાગત સુવિધાઓ અંતર્ગત નીચે મુજબના કામોનું આયોજન રજૂ કરવામાં આવેલ. મને જણાવતા ખૂબજ આનંદ થાય છે કે, અંદાજપત્રમાં દર્શાવેલ આયોજન ચાલુ નાણાંકીય વર્ષમાં આપણે પૂર્ણ કરી શકયા છીએ. ગત વર્ષમાં રજૂ કરેલ ચાલુ વર્ષના મહત્વના પ્રોજેકટ અંતર્ગત હાથ ધરેલ / પૂર્ણ કરેલ કામોની રૂપરેખા નીચે મુજબ છે.

### ❖ પાણી પૂરવઠા :

ચાલુ સાલે 'અમૃત યોજના' અંતર્ગત આજી–૩ ડેમ આધારિત પાણી પૂરવઠા યોજના અને નવા ભળેલા ઢીંચડા વુલનમીલ ઝોનમાં ઝોનલ ઈ.એસ.આર. તથા ડીસ્ટ્રીબ્યુશન નેટવર્કનું કામ આયોજન અનુસારનું કુલ **રૂા. ૮૫** કરોડના ખર્ચનું કામ પ્રગતિ હેઠળ છે, અને વર્ષ અંતિત આયોજન અન્વયે પૂર્ણ કરવામાં આવશે.

### ❖ ભૂગર્ભ ગટર :

બાકી રહેતા વિસ્તારોમાં સીવેજ કલેકશન પાઈપ લાઈન, હાઉસ કનેકશન નેટવર્ક અને પાઈપ ગટરનું અંદાજીત ૮૦ કી.મી.નું કામ 'અમૃત યોજના' તથા 'નાણાંપંચ યોજના' હેઠળ **રૂા. ૭૦** કરોડના ખર્ચે આયોજન હેઠળનું કામ પ્રગતિ હેઠળ છે.

### ❖ એલ.ઈ.ડી. બેઈઝ સ્ટ્રીટ લાઈટ :

શહેરના ટી.પી. રસ્તાઓ, સૂચિત સોસાયટીઓ, જાહેર સ્થળો તથા નવા હદ વિસ્તારમાં ૧૧૦૦૦થી પણ વધુ એલ.ઈ.ડી. લાઈટ પી.પી.પી. મોડ પર ફીટ કરવાના આયોજન અંતર્ગત ૮૨૦૦ જેટલી સ્ટ્રીટ લાઈટનું કામ પૂર્ણ થયેલ છે. આ ઉપરાંત નવા મુખ્ય ચાર માર્ગોમાં સેન્ટ્રલ લાઈટીંગના કામો પૂર્ણ કરવામાં આવેલ છે.

### ❖ સ્વસ્થ નાગરિક, સ્વસ્થ શહેર :

નગરજનોને પ્રાથમિક સુવિધાઓ સાથે આરોગ્યલક્ષી ઉત્તમ સેવાઓ પ્રાપ્ત થાય તે માટે ચાલુ સાલે બે સામૂહિક આરોગ્ય કેન્દ્ર ૫૦–૫૦ બેડની સુવિધા સાથે જગ્યાની ઉપલબ્ધીને આધીન બનાવવાનું આયોજન હાથ ધરવામા આવેલ. મને જણાવતા આનંદ થાય છે કે, બેની જગ્યાએ સરકારશ્રી દ્વારા કુલ ૩ આરોગ્ય કેન્દ્ર બનાવવાની મંજૂરી આપેલ છે. અને આ કામગીરી ટૂંક સમયમાં જ હાથ ધરવામાં આવનાર છે.

### ❖ સ્વચ્છ શહેર, સુંદર શહેર :

પીપીપી મોડ ઉપર 'પ્રોડકશન ઓફ પ્યુરીફાઈ બાયોગેસ એન્ડ ઓર્ગેનીક ફર્ટીલાઈઝર બાય ધ યુઝ ઓફ વેસ્ટ'નું કામ હાથ ધરવામા આવેલ છે, અને આયોજન અનુસાર વર્ષાન્તે પૂણ કરવામાં આવશે. આ ઉપરાંત પીપીપી મોડ ઉપર ગાર્ડન વેસ્ટ કમ્પોઝડ પ્લાન્ટ કાર્યાન્વિત કરવામાં આવેલ છે.

### ❖ સ્લમ ફ્રી સીટી 'સાચા અર્થમાં ઘરનું ઘર' :

ચાલુ સાલે પ્રધાન મંત્રી આવાસ યોજના અંતર્ગત ૧૮૦૫ આવાસનું નિર્માણ **રૂા. ૧૧૬** કરોડના ખર્ચે હાથ ધરેલ છે, જે આયોજન અનુસાર વર્ષાન્તે પૂણ કરવામાં આવશે.

### ❖ આપણું જામનગર હરિયાળુ જામનગર :

'અમૃત યોજના' હેઠળ નવા ૩ ગાર્ડનો સૂચિત થયેલ છે, જે પૈકી હાલે ૧ ગાર્ડનનું કામ પૂર્ણ કરેલ છે. અને બાકીના બે ગાર્ડનોનું કામ **રૂા. ૧૪૩** લાખના ખર્ચે ચાલુ છે.

### ❖ રણમલ લેઈક ફ્રન્ટ મસ્ટ વીઝીટ ટુરીસ્ટ સેન્ટર :

જામનગર શહેરની મધ્યમાં આવેલ રણમલ તળાવની કાયાકલ્પ કરતો પ્રોજેકટ એ જામનગર શહેરની મુલાકાતે આવતા ટુરીસ્ટો માટેનું ખાસ આકર્ષણનું કેન્દ્ર બનેલ છે. આ પ્રોજેકટ અંતર્ગત રણમલ તળાવની મધ્યમા આવેલ લાખોટા કોઠાનું હેરીટેજ અને કન્ઝર્વેશન પ્રોજેકટનું કાર્ય **રૂા. ૧૭** કરોડના ખર્ચે પૂર્ણ કરેલ છે. જેનું ટૂંક સમયમાં લોકાર્પણ કરવામાં આવનાર છે.

### ❖ સ્માર્ટ રોડ ડેવલપમેન્ટ :

ચાલુ વર્ષમાં રસ્તાના નિર્માણમાં નવીન ટેકનોલોજીના ઉપયોગ સાથે માઈક્રો રીસરફેઈસીંગ ટ્રીટમેન્ટ મેસ્ટટીક, આસ્ફાલ્ટ પ્લાસ્ટીક વેસ્ટનો ઉપયોગ સાથે રોડ રીસરફેઈસીંગ તથા નવા ડામર તથા સી.સી. રોડના કામો કુલ **રૂા. ૨૦** કરોડના ખર્ચે કામ પૂર્ણ કરેલ છે.

## ❖ બાળ કલ્યાણ / માતૃ કલ્યાણ / યુવા રોજગાર :

બાળકોને ગરમ અને પોષણક્ષમ આહાર પ્રાપ્ત થાય તે માટે અક્ષયપાત્ર કેન્દ્રિયકૃત રસોડાનું કાર્ય હાલે ચાલુ છે, જે આયોજન અનુસાર પૂર્ણ કરવામાં આવશે.

નેશનલ અર્બન લાઈવ્લી હુડ મિશન અંતર્ગત ૧૦૦૦ યુવાનોને તાલીમ આપવાનું આયોજન હાથ ધરેલ જે પૈકી ૪૫૦ યુવાનોને તાલીમ આપેલ છે. આ ઉપરાંત આજ સ્કીમ અંતર્ગત શહેરી ફેરીયાઓની સર્વેની કામગીરી હાથ ધરવામા આવનાર હતી જે અંતર્ગત અત્યાર સુધીમાં ૩૫૪૨ શહેરી શેરી ફેરીયાઓનો સર્વે કરવામાં આવેલ છે. સ્વરોજગાર કાર્યક્રમ હેઠળ કુલ ૮૧ લાભાર્થીઓને વ્યકિતગત લોન આપવામાં આવેલ છે. સ્વસહાય જૂથ લોન સહાય યોજના હેઠળ કુલ ૩૩ જૂથોને લોન આપી વ્યાજકીય સહાય આપવામાં આવેલ છે. સામાજીક ગતીશીલતા અને આધાર યોજના હેઠળ ૧૧૫ સ્વસહાય જૂથમાંથી ૧૦૧ સ્વસહાય જૂથને રીવોલ્વીંગ ફંડ ચૂકવવામાં આવેલ છે. જામનગર મહાનગરપાલિકા દ્વારા ચાલતી ડે–એન.યુ.એલ.એમ. યોજના હેઠળ જામનગર ખાતે ત્રણ શહેરી આજીવિકા કેન્દ્ર સ્થાપવાની દરખાસ્ત સરકારશ્રીમાં મંજૂર થયેલ છે. જે અંગે જરૂરી સ્ટાફની ભરતી પ્રક્રિયાની કામગીરી ચાલુ છે. જામનગર મહાનગરપાલિકા દ્વારા વિસ્તાર કક્ષાના ફેડરેશન કુલ ૮ની રચના કરવામાં આવેલ છે. જામનગર શહેરમાં આવેલ હૈયાત નાઈટ શેલ્ટરમાં ૧૦૦ લોકોની રહેવા સહિતની તમામ સુવિધા ઉપલબ્ધ છે. જામનગર મહાનગરપાલિકા દ્વારા ટી.પી. બી–૩ના એફ.પી. નં. ૪૩ વાળી જગ્યામાં નાઈટ શેલ્ટર બનાવવાનું આયોજન હાથ ધરેલ છે. જેના બાંધકામની કામગીરી ચાલુ છે. હાલે હૈયાત નાઈટ શેલ્ટરને ૧૦૦ વ્યકિતની જગ્યાએ ૬૦૦ ઘર વિહોણા વ્યકિતઓને આશરો આપી શકાય તે માટે નાઈટ શેલ્ટર બનાવવાના ડી.પી.આર.ની કાર્યવાહી ચાલુ છે.

## ❖ આરોગ્ય શાખા :

- ખાસ શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ હેઠળ કુલ ૧૩૮૭૨૫ બાળકોના આરોગ્યની તપાસ કરવામાં આવેલ છે.
- સુપર સ્પેશીયાલીસ્ટ સારવાર હેઠળ જુદી–જુદી બિમારીઓના દર્દીઓની સારવાર કરવામાં આવેલ છે. તથા ૮૩૯ બાળકોને વિનામૂલ્યે ચશ્મા વિતરણ કરવામાં આવેલ છે.
- જન્મ મરણ રેકર્ડના જુના રજીસ્ટરો સને. ૧૯૮૨ સુધી ઓનલાઈન કરવાની કામગીરી પૂર્ણ કરવામાં આવેલ છે. અને આગળની કામગીરી ચાલુ છે.
- શહેરમાં જુદી–જુદી બે જગ્યાએ અર્બન હેલ્થ સેન્ટર / શહેરી સામુહિક આરોગ્ય કેન્દ્ર બનાવવા માટેની જગ્યા ફાળવવા સરકારશ્રીમાં દરખાસ્ત કરવાની કાર્યવાહી ચાલુ છે.
- રાજય સરકારશ્રી દ્વારા હાપા માર્કેટીંગ યાર્ડ પાસે આવેલ ટી.પી. સ્કીમ નં. ૨, સર્વે નં. ૨૩, ઓરીજીનલ પ્લોટ નં. ૨૧, અંતિમ પ્લોટ નં. ૬૧વાળી જગ્યામાં સામુહિક આરોગ્ય કેન્દ્ર બનાવવા માટે મંજૂરી મળેલ છે.

### ❖ મિલ્કત વેરા શાખા :

વર્ષ દરમ્યાન જામનગર મહાનગરપાલિકા દ્વારા સઘન રીકવરી ઝુંબેશ અને નોન ટેકસ આવકમાં ખાસ્સો એવો વધારો મેળવેલ છે. પૂણ થયેલ નાણાંકીય વર્ષ ૨૦૧૬–૧૭માં પ્રોપર્ટી ટેકસની રેકર્ડ બ્રેક **રૂા. ૪૦** કરોડ જેટલી આવક પ્રાપ્ત થયેલ છે. આ ઉપરાંત વ્હીકલ ટેકસ કે જેમની અત્યાર સુધી નહીવત આવક થતી તે અથાગ પ્રયત્નો બાદ આર.ટી.ઓ. કચેરી પ્રમાણે ઓનલાઈન વ્હીકલ ડીલરોને વ્હીકલ ટેકસ વસુલવાની સત્તા આપી વસુલાતની સુવિધા વિકસાવી ચાલુ નાણાંકીય વર્ષમાં **રૂા. ૧.૨૫** કરોડથી વધુ રકમની વસુલાત શકય બનેલ છે. નવા સર્વે અંતર્ગત કુલ ૩૯,૦૦૦થી પણ વધારે પ્રોપર્ટીઓના બિલો મહાનગરપાલિકાની હદમાં ભળ્યા ત્યારથી તા. ૩૧–૩–૨૦૧૮ સુધીના ચાલુ માસમા જ ઈશ્યુ થનાર છે. જે અંતર્ગત એરીયર્સ સહિતની **રૂા. ૩૦** કરોડથી વધુની રકમ હાલની ડીમાન્ડમાં ઉમેરી શકાશે.

ચાલુ વર્ષમાં કુલ **રૂા. ૨૫૦.૩૩** કરોડના કામના આયોજન અંતર્ગત કુલ **રૂા.૧૮૫.૦૦** કરોડના કામો પૂર્ણ થયેલ છે. અને કુલ **રૂા. ૬૫.૩૩** કરોડના કામો પ્રગતિ હેઠળ છે.

## : આગામી વર્ષ ૨૦૧૮–૧૯નું આયોજન :

દેશના અર્થતંત્રમાં આજે જયારે ઐતિહાસિક પરિવર્તન થઈ રહયું છે ત્યારે આવેલ પરિવર્તનો જામનગર મહાનગરપાલિકાના વહીવટમાં પ્રતિબિંબિત થાય અને મહાનગરપાલિકા ડીજીટલાઈઝેશન ઉપર આગળ વધે શહેરના સમતોલ અને સર્વાંગી વિકાસ માટે સમાજના વિવિધ વર્ગોના હિત અને કલ્યાણની પ્રવૃત્તિઓ, સામાજિક તેમજ આરોગ્ય લક્ષી સુવિધાઓના કામો, શહેરીકરણ અને ઈન્ડસ્ટ્રીયલાઈઝેશન, સાંસ્કૃતિક વિરાસતોની જાળવણી એ મુળભૂત અને પાયાની સુવિધાઓ ઉપરાંત ખૂબજ જરૂરી બની ગયેલ છે.

મર્યાદિત આવકને ધ્યાને રાખીને પણ જામનગર મહાનગરપાલિકા દ્વારા દર સાલની માફક આગામી સાલે પણ નકકર આયોજન હાથ ધરવામાં આવેલ છે.

### ❖ પાણી પૂરવઠા :

સને. ૨૦૧૮–૧૯માં પાણી પૂરવઠા ઈન્ફ્રાસ્ટ્રકચરને વધુ સુદ્રઢ તેમજ ડીસ્ટ્રીબ્યુશન નેવટર્કનો વ્યાપ વધારી બાકી રહેતા નવા આઉટર ગ્રોથ વિસ્તારો જેવા કે ઢીંચડા, બેડીના છેવાડાના વિસ્તારો, વુલનમીલ પાછળના રીંગ રોડની બન્ને બાજુના વિસ્તારો, સાધના કોલોની પાછળનો ખોજા ગેઈટ સુધીનો નદી કાંઠાનો વિસ્તાર, ગુલાબનગર વિસ્તારને સંલગ્ન નવા ભળેલા વિસ્તારો, સર્મણ હોસ્પિટલ તેમજ સ્વામીનારાયણ મંદિર પાછળનો હાઈ–વે સુધીનો વિકસીત વિસ્તાર, હાપા તથા મોરકંડા રોડ પરનો તમામ વિસ્તાર, પાણી વિતરણ હેઠળ આવરી લેવાનું આયોજન છે. પમ્પ હાઉસ ખાતે રાજાશાહી વખતનો વર્ષો જુનો ફિલ્ટર પ્લાન્ટ નં. ૧ જે હાલે જર્જરીત હાલતમાં છે. તેને ડીસ્મેન્ટલ કરી નવી ટેકનોલોજીનો ૩૦

એમ.એલ.ડી.નો ફિલ્ટર પ્લાન્ટ તથા સ્ટોરેજ કેપેસીટી સમ્પ બનાવવાનું આયોજન હાથ ધરેલ છે. તદ્ઉપરાંત વોટર ઓડીટ માટે તમામ ડેમમાંથી મેળવવામાં આવતા પાણી વિતરણમાં ઈ.એસ.આર. સુધી વોટર લોસીસ એનાલીસીસ માટે ફલોમીટર તેમજ સેન્સર ઈન્સ્ટોલ કરી સ્માર્ટ વોટર મેનેજમેન્ટનું કાર્ય હાથ ધરવામાં આવનાર છે. ઉકત તમામ કામો માટે મહાનગરપાલિકા દ્વારા રાજ્ય સરકારશ્રીની સ્વર્ણિમ જયંતિ માન. મુખ્ય મંત્રી શહેરી વિકાસ યોજના હેઠળ કુલ **રૂા. ૬૦** કરોડના કામો મંજૂરી અર્થે દરખાસ્ત કરવામાં આવેલ છે.

છેલ્લા ત્રણ વર્ષથી જામનગર શહેરમાં તેમજ નવા ભળેલા વિસ્તારોમાં એ.સી. પ્રેસર પાઈપ લાઈનના બદલે પાણી વિતરણ માટે ડી.આઈ. પાઈપ લાઈન નાખવાનું કામ ચાલુ કરેલ છે. ડી.આઈ. પાઈપની ઉચ્ચ ગવુણવત્તાના કારણે ઓપરેશન એન્ડ મેઈન્ટેનન્સમાં નહીવત ખર્ચ થાય છે, તેમજ કોન્ટામીનેશનના પ્રશ્નો ઉપસ્થિત થતા નથી.

કેન્દ્ર / રાજય સરકારશ્રી દ્વારા મહાનગરપાલિકાને જુદા–જુદા હેતુ માટે ગ્રાન્ટો ફાળવવામાં આવે છે, સરકારશ્રી દ્વારા નિર્ધારિત કરેલ રી–ફોર્મસ મુજબ તેમજ સર્વિસ લેવલ બેન્ચ માર્ક અન્વયે જામનગર શહેરમાં હાઈરાઈઝ, કોમર્શીયલ તેમજ ઈન્સ્ટ્રીયલ નવા બિલ્ડીંગોમાં મીટરીંગ પ્રથાથી પાણી આપવાનું ચાલુ કરેલ છે. જેના કારણે પાણી વિતરણમા સુગમતા રહે, પાણીનો બગાડ ન થાય અને પાણી ચાર્જીસ આવકમાં વધારો થવા પામે ચાલુ સાલે મહાનગરપાલિકાના તમામ ૧૪ પમ્પીંગ સ્ટેશનો પરની પમ્પીંગ મશીનરીનું રાજય સરકારશ્રીના સહયોગથી એનર્જી ઓડીટ કરવામાં આવેલ છે. બિન કાર્યક્ષમ જુના પાણીના પમ્પની જગ્યાએ વિજ બિલમાં બચત માટે વોટર વર્કસ શાખાના પમ્પ રીપ્લેસમેન્ટ કરવાના થાય છે કે નહીં તે ઓડીટ રીપોર્ટ દ્વારા જાણી શકાશે. આ જુના અને બિનકાર્યક્ષમ પમ્પો રીપ્લેસ કરવાથી કેટલી વિજ બચત થશે તેનો રીપોર્ટ સરકારશ્રીની નોડલ એજન્સી એનર્જી એફીસીયન્સી સર્વિસ લી., દ્વારા ફેબ્રુઆરી–૨૦૧૮ સુધીમાં રજૂ થશે.

## ❖ અન્ડર ગ્રાઉન્ડ ડ્રેનેજ :

અમૃત યોજના હેઠળ શહેરમાં નવા ભળેલ અને નગરસિમના વિસ્તારોમાં (જી.ડી. શાહ સ્કુલ પાસે, પ્રભાતનગર, સત્યસાંઈ નગર, લાલવાડી વિસ્તાર, યોગેશ્વરનગર, રાજમોતી ટાઉનશીપ પાસે વિ.) તેમજ ગઢની રાંગના અંદરના અને ગીચ વિસ્તારોમાં (ભોયવાળો, પટણીવાડ, ઘાંચીની ખડકી, આશાપુરા ખડકી, ધુંવાવ નાકા, ચાંદી બજાર, સેન્ટ્રલ બેંક, હવાઈ ચોક, સજુબા ગર્લ્સ હાઈસ્કૂલ, પંચેશ્વર ટાવર, કે.વી. રોડ વિ.) ભૂગર્ભ ગટર પાઈપ લાઈનના કામ અન્વયે રૂા. ૩૬.૬૨ કરોડ મંજૂર કરવામાં આવેલ છે, જે કામો હાલે પ્રગતિમાં છે જયારે બેડી અને નવાગામ વિસ્તારમાં ભૂગર્ભ ગટર પાઈપ લાઈનના કામ રૂા. ૧૦ કરોડના આગામી ટૂંક સમયમાં ચાલુ કરવામાં આવનાર છે. આમ, અમૃત યોજના હેઠળના સમગ્ર કામો માર્ચ–૨૦૨૦ સુધીમાં પૂર્ણ કરવામાં આવશે.

૧૪માં નાણાંપંચની ગ્રાન્ટ હેઠળ શહેરની ગઢની રાંગના અંદરના વિસ્તારોમાં સિવર કલેકશન પાઈપ લાઈનના કામ અન્વયે રૂા. ૪ કરોડ મંજૂર કરવામાં આવેલ છે. જે હાલે પ્રગતિમાં છે જે આગામી વર્ષમાં પૂર્ણ કરવામાં આવશે.

શહેરમાં પેકેજ–૧ અને ૨, ઝોન એન્ન–૧ અને એન–૨, વિસ્તારો તથા શહેરની હદમાં ગીચ અને બેલેન્સ વિસ્તારો (દિ. પ્લોટની પાછળનો ભાગ, શંકર ટેકરી, હનુમાન ટેકરી, જવાહરનગર, ધરારનગર, હનુમાન ચોક, ભીમવાસ, સોઢા સ્કુલ, હીરજી મિસ્ત્રી રોડ, હિમાલય અને આશાપુરા સોસા. વિ.)માં સિવર કલેકશન પાઈપ લાઈનના કામો અન્વયે સ્વર્ણિમ જયંતિ મુખ્ય મંત્રીશ્રી શહેરી વિકાસ યોજના હેઠળ અલગથી ગ્રાન્ટ ફાળવણી અર્થે સરકારશ્રીમાં રૂા. ૬૧.૭૯ કરોડની દરખાસ્ત કરવામાં આવેલ છે, જે મંજૂર થયેથી આગામી વર્ષમાં ચાલુ કરવામાં આવનાર છે.

આ કામો થયેથી આગામી સને. ૨૦૨૦–૨૧ વર્ષ સુધીમાં બાકી રહેતી આશરે ૫૭૧૩૭ પ્રોપર્ટીઓ પૈકી ૩૯૫૦૦ પ્રોપર્ટીઓને ભૂગર્ભ ગટર નેવટર્ક સાથે આવરી લેવામાં આવશે.

## ❖ લાઈટ શાખા :

- શહેરમાં જુદી–જુદી ૪ જગ્યાએ નવા ટ્રાફિક સિન્ગલ બનાવવાનું આયોજન.
- ગુલાબનગર ઓવર બ્રીજ ખાતે લાઈટીંગ કામ.,
- મ્યુનિસીપલ ટાઉનહોલ તથા સ્પોર્ટસ સંકુલ ખાતે ડી.જી. સેટ વસાવવાનું કામ,
- શહેરના વિવિધ ગાર્ડન ખાતે લાઈટ સ્ટ્રેન્ધનીંગ વર્ક.
- બેડેશ્વર ઓવર બ્રીજ ખાતે લાઈટીંગ વર્ક.
- મહાપ્રભુજીની બેઠકથી ઠેબા બાયપાસ સુધી તથા નુરી ચોકડી થી ગુલાબનગર સેવાસદન–૪ સુધી સેન્ટ્રલ લાઈટીંગ વર્ક.

## ❖ પ્રોજેકટ પ્લાનીંગ :

- અમૃત યોજના હેઠળ ગૌરવ પથને પેરેલલ પાર્કીગ ફેસેલીટી તથા બ્યુટીફીકેશન ડેવલપ કરવાનું કામ
- ભુજીયા કોઠા રેસ્ટોરેશન / કન્ઝર્વેશન કરવાનું કામ
- સ્વામી નારાયણ નગર હાલાર હાઉસ પાસે ખુલ્લા ડી.પી. રોડને આસ્ફાલ્ટ રોડ બનાવવાનુ કામ
- આરોગ્ય શાખાની ગ્રાન્ટ અન્વયે જુદી–જુદી ૨ જગ્યાએ યુ.સી.એચ.સી. સેન્ટર બનાવવાનું કામ.
- એલ.સી. નં. ૧૯૯ ઉપર એરફોર્સ તરફનો રેલ્વે ઓવર બ્રીજ બનાવવાનું કામ.

- અમૃત યોજનાની ગ્રાન્ટ હેઠળ રૂા. ૪ કરોડના ખર્ચે મહાનગર સેવાસદનના પરિસરમાં ફાયર ટર્મીનલ સ્ટેશન બનાવવાનું કામ હાલે ચાલુ છે, જે આગામી સાલે પૂર્ણ કરવામાં આવશે.
- સ્વર્ણિમ જયંતિ મુખ્ય મંત્રીશ્રી શહેરી વિકાસ યોજના હેઠળની ગ્રાંટ હેઠળ મુખ્ય ૪ રસ્તા સર્મપણ જંકશન થી બેડી જંકશન, ગુલાબનગર થી મહાપ્રભુજીની બેઠક સુધી, બેડી બંદર મેઈન રોડ પાંજરાપોળ વે–બ્રીજ થી બેડી જંકશન સુધી અને હાલાર હાઉસ થી સ્વામીનારાયણ નગર પાસેના ડી.પી. રોડ રૂા.૪૩.૫૦ કરોડ ના ખર્ચે ગ્રાંટ ઉપલબ્ધ થયે બનાવવાનું આયોજન છે.

## ❖ સોલીડ વેસ્ટ :

શહેરને કલીન સીટી બનાવવા મહાનગરપાલિકા દ્વારા આયોજન આ અંદાજપત્રમાં કરવામાં આવેલ છે. શહેરમાં રોજે–રોજ ઉત્પન્ન થતા સુએજ તથા ગંદા પાણીને શુદ્ધ કરી પદ્ધતિસર નદીમાં નિકાલ કરવાની કાર્યવાહી સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટમાં કરવામાં આવે છે. આ પ્લાન્ટમાં ટ્રીટમેન્ટ દરમ્યાન બાય પ્રોડકટ તરીકે સ્લજ ઉત્પન્ન થાય છે. સદર સ્લજમાંથી એનએરોબીક ડાયજેસ્ટર દ્વારા ઉત્પન્ન થતા બાયોગેસમાં મીથેન, કાર્બન ડાયોકસાઈડનું પ્રમાણ વધારે હોય છે. આ ગેસને સીધે–સીધો હવામાં છોડવામાં પર્યાવરણ દૃષ્ટિએ ગ્લોબલ વોર્મીગ માટે જવાબદાર બની શકે છે. આ બાયોગેસમાંથી વિજળી ઉત્પાદન કરીને, બળતણ તરીકે વિવિધ પ્રકારે ઉપયોગ કરવાનું આયોજન છે.

આજીવન સ્વચ્છતાના આગ્રહી આપણા રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીને સાચી શ્રદ્ધાંજલીના ભાગરૂપે ભારત સરકાર દ્વારા સ્વચ્છ ભારત મિશન કાર્યક્રમની શરૂઆત કરવામાં આવેલ છે. ત્યારે જામનગર શહેરને દેશના સૌથી વધુ સ્વચ્છ શહેરોની યાદીમાં ટોચનું સ્થાન મળે એ માટે ખાસ આયોજન આ અંદાજપત્રમાં કરવામાં આવેલ છે. શહેરને સ્વચ્છ રાખવા માટે કોર્પોરેશન દ્વારા વિવિધ લેવલે પ્રયાસો કરવામાં આવી રહેલ છે. શહેરને સ્વચ્છ રાખવાની જવાબદારી માત્ર મહાનગરપાલિકાની ન રહે અને શહેરીજનો પણ આ બાબતમાં જવાબદાર બને અને ગમે ત્યાં કચરો ન નાખે શહેરને સ્વચ્છ રાખવામા યોગદાન આપી શકે એ માટે જાગૃતતા લાવવા સઘન પ્રયાસો મહાનગરપાલિકા દ્વારા કરવામાં આવી રહયા છે. જેમાં શહેરને સ્વચ્છ રાખવાના મિશનમાં નાગરિકોને સીધી રીતે જોડવાનો પ્રયાસ કરેલ છે. કોઈપણ નાગરિક પોતાના મોબાઈલમાં ડાઉનલોડ કરેલ 'સ્વચ્છ ભારત એપ્સ' ઉપર કચરાને લગતી કોઈપણ ફરિયાદ, ગંદકીનો ફોટો, વીડીયો, ટેકસ્ટ કરી ડાયરેકટ કોર્પોરેશનમાં સંબંધિત સ્વચ્છતાની કામગીરી સાથે સંકળાયેલ સ્ટાફને નોંધાવી શકે છે. આ ફરિયાદોના નિકાલ માટે સમય મર્યાદા નકકી કરવામાં આવેલ છે. હાલમાં સ્વચ્છતા એપ્લીકેશન ડાઉનલોડ કરવામાં ગુજરાતના વિવિધ શહેરોની સ્પર્ધામા જામનગર ૪૭ ક્રમે

આવી અગ્રેસર બનેલ છે. આ બાબત શહેરીજનોનો સ્વચ્છતા માટેનો લગાવ અને ઈચ્છાશકિત બતાવે છે. આમ, શહેરીજનો પણ મહાનગરપાલિકાની સફાઈ આંદોલનનો હિસ્સો બનશે અને આપણા સૌના સાથ અને સહકારથી આપણું શહેર દેશનું કલીન સીટી બનશે, તેવો મને પૂર્ણ વિશ્વાસ છે. આ બાબત અંગે શહેરીજનો ગૌરવનો અનુભવ કરશે, જામનગર શહેરને સ્વચ્છ રાખવા માટે દૈનિક ધોરણે ઉત્પન્ન થતા ઘન કચરાના નિકાલની કામગીરી નિયમિત, વધુ સઘન અને અસરકારક થાય તે જરૂરી છે. આ માટે જુદા–જુદા પ્રકારના વાહનો ડોર–ટુ–ડોર / ડમ્પ એકત્રીકરણના વાહનો, ડમ્પર પ્લેસર, હુકલોડર, રોડ સ્વીપીંગ મશીનો, હોટલ–કીચન વેસ્ટ વિગેરે મળી ૧૨૦થી વધુ વાહનોના ઉપયોગ દ્વારા જી.પી.એસ. સિસ્ટમ લગાવી સફાઈની કામગીરી કરવામાં આવી રહેલ છે. મહાનગરપાલિકાની ઓફિસ કોમ્પ્યુટરાઈઝ સિસ્ટમ દ્વારા મોનીટરીંગ કરવામાં આવે છે. આવી જી.પી.એસ. મોનીટરીંગ સિસ્ટમ અન્વયે કુલ ૫૦૦૦ જેટલા પોઈન્ટ બનાવવામાં આવેલ છે. આથી કચરાના નિકાલની કામગીરી નિયત સમયે, નિયત કરેલ રૂટ મુજબ થતી હોવાનું અસરકારક સુપરવિઝનથી ઘન કચરાના નિકાલની કામગીરી વધુ અસરકાર બનવા પામેલ છે. પરિણામે શહેર સ્વચ્છતામાં વધારો થયેલ છે.

મહાનગરપાલિકા દ્વારા ઘન કચરામાંથી વિજળી બનાવવાનો સોલીડ વેસ્ટમાંથી કેપ્ટીવ પાવર જનરેશનનો નવીન પ્રોજેકટ હાથ ધરેલ છે. આ કાર્ય સાથે સંકળાયેલ સંસ્થાઓ સાથે એમ.ઓ.યુ. કરી વેસ્ટ ટુ એનર્જી અંગે કેપ્ટીવ પાવર જનરેટ કરવાની કામગીરી ચાલુ વર્ષે કરવાનું આયોજન કરવામાં આવેલ છે. જેમા દૈનિક ધોરણે ૨૫૦ મેટ્રીક ઘન કચરામાંથી વિજળી ઉત્પન્ન કરવાની કામગીરી કરવામાં આવનાર છે.

મહાત્મા ગાંધી સ્વચ્છતા મિશન અંતર્ગત નિર્મળ ગુજરાત શૌચાલયની યોજના અન્વયે શૌચાલય વિહોણા કુટુંબોને શૌચાલયની માળખાકીય સુવિધા પ્રાપ્ત થાય અને જામનગર શહેરમાં ઓ.ડી.એફ. સ્ટેટસ જળવાઈ રહે તે માટે સને. ૨૦૧૬–૧૭માં રૂા. ૧.૮૧ કરોડના ખર્ચે ૧૭૦૭ શૌચાલય પૂર્ણ કરવામાં આવેલ છે. વર્ષ ૨૦૧૭–૧૮માં ૧૫૦ નંગ શૌચાલયનું ટેન્ડર બહાર પાડી એજન્સી દ્વારા કામગીરી ચાલુ થયેલ છે. તેમાં હાલે ૫૯ યુનિટ બનાવવામાં આવેલ છે. જામનગર શહેરની હદ વધતા ભળેલા નવા વિસ્તારોમાં આ સુવિધા પ્રાપ્ત થાય તે માટે ૪૮૦ નંગ શૌચાલયનું ટેન્ડર બહાર પાડવામાં આવેલ છે. એજન્સી દ્વારા કામગીરી શરૂ કરવામાં આવેલ છે.

### ❖ હાઉસીંગ સેલ :

આજના મોંઘવારીના જમાનામાં મધ્યમવર્ગ તથા ઓછી આવક ધરાવતા લોકો માટે પોતાની માલિકીના ઘરનું મકાન ખરીદવું તે સ્વપ્ન બને છે. ત્યારે મધ્યમ વર્ગ તથા ઓછી આવક ધરાવતા લોકો માટે મહાનગરપાલિકા દ્વારા પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત

ઈ.ડબલ્યુ.એસ. અને એલ.આઈ.જી. આવાસોની કેટેગરીમાં કુલ ૧૮૦૫ આવાસો કુલ રૂા. ૧૧૬.૬૭ કરોડના ખર્ચે શહેરની જુદી–જુદી જગ્યાએ બનાવવાનું કામ હાથ ઉપર છે. જેમાં હાલની સ્થિતિએ ૧૨૬૦ લાભાર્થીઓને કોમ્પ્યુટરાઈઝ ડ્રોથી ફલેટની ફાળવણી કરવામાં આવેલ છે. અને તે તમામ ૧૨૬૦ આવાસોનું લોકાર્પણ આગામી એપ્રિલ–૨૦૧૮ના અંત સુધીમાં કરવામાં આવનાર છે.

પ્રધાનમંત્રી આવાસ યોજનાના લક્ષ્યાંક મુજબ વર્ષ ૨૦૨૨ સુધીમાં અંદાજે ૧૧૦૦૦ જેટલા આવાસોનું આયોજન કરવામાં આવનાર છે. જેના ભાગરૂપે વર્ષ ૨૦૧૮–૧૯માં ઢીચડા વિસ્તારમાં ૩૫૨ આવાસો, એમ.પી.શાહ ઉદ્યોગનગર પાછળવાળી જગ્યામાં ૫૭૬ આવાસો અને હાપા માર્કેટીંગ યાર્ડ રોડ ઉપર ૨૮૮ આવાસો મળી ઈ.ડબલ્યુ.એસ.–૧ પ્રકારના કુલ ૧૨૧૬ આવાસોનું ખાતમુર્હુત કરવામાં આવનાર છે.

બી.એલ.સી. ઘટક હેઠળ ૩૦ચો.મી. એટલે કે, ૩૨૨ ચો.ફુટનું નવુ મકાન અથવા હૈયાત મકાનમાં ૯ ચો.મી. એટલે ૯૬ ચો.ફુટના નવા બાંધકામ વધારા માટે વધુમા વધુ ૩.૫૦ લાખની સહાય મળવાપાત્ર છે, અત્યાર સુધીમાં કુલ ૩૭૦ અરજી મળેલ છે. જેમાંથી ૨૩૩ અરજીઓનો ડી.પી.આર. સરકારશ્રીમાં મોકલેલ છે. સી.એલ.એસ.એસ. ઘટક હેઠળ લોન લેનાર તમામ લોન ધારકોને વ્યાજમાં રૂા. ૨.૨૫ લાખ સુધીની વ્યાજ સહાય મળવાપાત્ર છે. જાન્યુ.–૨૦૧૮ સુધીમાં કુલ ૧૦૩૩ લોનધારકોને વ્યાજ સહાયનો લાભ મળવા પામેલ છે. આ યોજના પૂર્ણ થતા શહેરના ગરીબ અને મધ્યમવર્ગના પરિવાર માટે આશિર્વાદરૂપ બનશે તેવો મને વિશ્વાસ છે.

સરકાર અને મહાનગરપાલિકા દ્વારા પૂરી પાડવામાં આવતી સેવાઓને લગતી નાગરિકોની ફરિયાદોનો એક જ જગ્યાએ નિરાકરણ થાય તે હેતુથી સેવાસેતુ કાર્યક્રમ શરૂ કરવામાં આવેલ છે. જેને ખૂબ જ સારો પ્રતિભાવ સાંપડેલ છે. ભવિષ્યમાં આ કાર્યક્રમ બધા ઝોનમાં વિસ્તારવાનું આયોજન કરવામાં આવનાર છે.

કોઈપણ સમાજનો વિકાસ નારીના વિકાસ વિના અધુરો છે. મહાનગરપાલિકાના અંદાજપત્રમાં સ્ત્રીઓ સ્વાવલંબી અને આત્મનિર્ભર બને તે માટે તમામ વોર્ડમાં ગરીબી રેખા નીચે જીવતા આર્થિક રીતે નબળા વર્ગના પરિવારોમાંથી સખી મંડળો બનાવી તેમને રૂા.૫૦૦૦૦ રીવોલ્વીંગ ફંડ આપવાનું આયોજન કરવામાં આવનાર છે. આ ઉપરાંત શિક્ષણ સમિતીના માધ્યમથી કન્યા કેળવણી, સ્વચ્છતા સમિતિના માધ્યમથી સ્વચ્છતા અંગે જાગૃતિ આવે તથા આવી વિવિધ સમિતિ બનાવી મદદ કરવાનો પ્રયત્ન કરવામાં આવે છે. જામનગર સખી મંડળોની બહેનોને રોજગારી મળે તે માટે પે એન્ડ પાર્કીંગની કામગીરી, તેમને વાહનો પાર્ક કરાવવાની ટ્રેનીંગ અપાવી પે એન્ડ પાર્કીંગની કામગીરી દ્વારા મળનાર આવક બહેનોને આપી મદદ કરવાનો પ્રયાસ કરવામાં આવી રહેલ છે. બહેનો દ્વારા ઉત્પાદિત ચીજ–વસ્તુઓ

અને સેવાઓને બજાર મળી રહે તે માટે આજીવિકા કેન્દ્રો શરૂ કરવામાં આવેલ છે. પરિણામે મહિલાઓને આત્મનિર્ભર થવામાં મદદ મળશે અને સ્ત્રી સશકિતકરણને ઉત્તેજન મળશે. આ ઉપરાંત ગરીબ કલ્યાણ મેળાના માધ્યમથી સરકારશ્રીના અન્ય વિભાગો સાથે સંકલનમાં રહી લાભાર્થીઓને લાભ આપેલ છે.

જામનગર મહાનગરપાલિકા દ્વારા 'ઈન્કલુસીવ સીટી' અંતર્ગત એફોર્ડેબલ હાઉસીંગ પ્રોજેકટ, સ્લમ ફ્રી સીટી પ્રોજેકટ, હોસ્પિટલ સેવાઓનું આયોજન તથા માળખાગત સુવિધાઓના વિવિધ કામો વગેરે આયોજન હેઠળ અનુસૂચિત જાતિ જનજાતિ અને બીજા આર્થિક અને સામાજિક પછાત વર્ગના શહેરીજનો માટે કુલ અંદાજે **રૂા. ૧૧૮.૯૩** *કરોડનો* ખર્ચ કરવામાં આવનાર છે. જે કુલ અંદાજપત્રના ૪૧% છે.

આમ, જામનગર શહેરના સમતોલ તથા સર્વાંગ વિકાસ માટે ડીજીટલ કલીન અને ઈન્કલુસીવ સીટીના લક્ષ્યને ધ્યાનમાં રાખી આંતરમાળખાકીય સુવિધાના કામો, સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજનાના કામોના વિકાસના ચાલતા કામો, અમૃત યોજના, સ્માર્ટ સિટી પ્રધાનમંત્રી આવાસ યોજના તેમજ અન્ય ગ્રાન્ટ હેઠળ શરૂ થનાર કામો તેમજ સામાજિક તેમજ આરોગ્યલક્ષી સુવિધાઓના કામો સહિત તમામ ઝોનલ પ્રાયોરીટી વર્કસના વિકાસ કાર્યોના સંકલિત આયોજન અને કાર્યક્ષમ તથા પારદર્શી વહિવટ સાથેના આગામી વર્ષના અંદાજીત **રૂા. ૨૬૩.૦૩** કરોડના વિકાસ કાર્યો સાથેનું નાણાંકીય વર્ષ ૨૦૧૮–૧૯નું **રૂા. ૬૧૫.૦૫** કરોડનું અંદાજપત્ર રજૂ કરતા અત્યંત આનંદ અનુભવુ છુ.

**આમ, આગામી વર્ષમાં કુલ રૂા. ૨૬૩.૦૩ કરોડના કામો કરવાનું આયોજન હાથ ધરવામાં આવેલ છે. આ કામો સરકારશ્રી તરફથી મળનાર સંભવિત ગ્રાન્ટ આધારિત હોય, ગ્રાન્ટની ઉપલબ્ધિ અનુસાર ક્રમશઃ હાથ ધરવા જામનગર મહાનગરપાલિકા કટિબદ્ધ છે.**

**આપ સૌ સભાસદો આપના વોર્ડમાં શહેરીજનોને વેરાઓની ચૂકવણી બાબતે જાગૃત કરી વોર્ડમાં રોકાતી બાકી રકમની વસુલાત સઘન બનાવવા જરૂરી પ્રયત્નો હાથ ધરશો. જેથી આપના વોર્ડમાં પણ મોટા પ્રમાણમાં વિકાસના કામો હાથ ધરી શકાય તેમજ વોર્ડમાં શહેરીજનોને સારી સુવિધાઓ ઉપલબ્ધ કરાવી શકાય.**

ધી ગુજરાત પ્રોવિન્શીયલ મ્યુનિસિપલ કોર્પોરેશન એકટ ૧૯૪૯ ની કલમ–૧૦૧ અને ૧૦૪ અનુસાર સને ૨૦૧૭–૧૮ના વર્ષનું "રીવાઈઝડ અંદાજપત્ર" તથા કલમ–૯૫ અનુસાર સને ૨૦૧૮–૧૯ના વર્ષનું જામનગર મહાનગરપાલિકાનું આવક–ખર્ચનું "ડ્રાફટ અંદાજપત્ર" કર અને દર અંગેની દરખાસ્ત સ્થાયી સમિતિ મારફત મ્યુનિસિપલ કોર્પોરેશનની મંજૂરી માટે રજુ કરતા હું હર્ષ અનુભવુ છુ.

## વિભાગ – અ

## *સને. ૨૦૧૭–૧૮નું રીવાઈઝડ અંદાજપત્ર*

સને.૨૦૧૭–૧૮નું અંદાજપત્ર મહાનગરપાલિકાએ મંજૂર કર્યા બાદ વર્ષ દરમ્યાન સમયની તાકિદ અને સંજોગોને અનુરૂપ તાકીદના તેમજ અન્ય કામો હાથ ધરાતા અંદાજેલી ઉઘડતી સિલક સામે આવેલ ખરેખર સિલકને ધ્યાને લેતા રેવન્યુ / કેપીટલ એકાઉન્ટના આવક/ખર્ચના અંદાજોમાં ખાતાઓની માંગણી મુજબ જરૂરી ફેરફાર કરી રેવન્યુ / કેપીટલ ખર્ચ બાજુએ અગત્યના કામો માટે પુનઃ ફાળવણી કરવામાં આવી છે.

આમ, મહાનગરપાલિકાના સને. ૨૦૧૭–૧૮ના સુધારેલ અંદાજપત્રમાં કરવામાં આવેલ ફેરફાર અને તે મુજબ મહાનગરપાલિકાના આવક–ખર્ચ નીચે મુજબ રહેશે.

➢ **વર્ષ ૨૦૧૭–૧૮ના રીવાઈઝડ અંદાજ તરફ :**

**પત્રક – "અ"**

*(આંકડા કરોડમાં)*

| *વિગત* | *સને. ૨૦૧૭–૧૮ મંજૂર કરેલ અંદાજ* | *સને. ૨૦૧૭–૧૮ રીવાઈઝડ અંદાજ* |
|---|---|---|
| **ઉઘડતી પુરાંત** | **૧૧૨.૧૩** | **૭૮.૯૩** |
| (૧) રેવન્યુ આવક | ૨૩૮.૨૩ | ૨૨૪.૩૩ |
| (૨) કેપીટલ સ્વભંડોળ આવક | ૫૨.૧૦ | ૩૦.૫૩ |
| (૩) કેપીટલ ગ્રાંટ આવક | ૩૪૭.૬૬ | ૨૨૩.૭૩ |
| (૪) અનામત આવક | ૫૬.૦૦ | ૪૮.૩૩ |
| (૫) એડવાન્સ આવક | ૧૩.૪૪ | ૩૬.૯૩ |
| **કુલ આવક** | **૭૦૭.૪૩** | **૫૬૩.૮૫** |
| **ઉઘડતી સિલક સહ કુલ** | **૮૧૯.૫૬** | **૬૪૨.૭૮** |
| (૧) રેવન્યુ ખર્ચ | ૨૨૨.૮૦ | ૨૧૯.૮૩ |
| (૨) કેપીટલ સ્વભંડોળ ખર્ચ | ૨૭.૦૭ | ૧૪.૩૩ |
| (૩) કેપીટલ ગ્રાંટ ખર્ચ | ૩૩૦.૮૨ | ૨૫૦.૩૩ |
| (૪) અનામત ખર્ચ | ૩૯.૫૪ | ૫૩.૨૩ |
| (૫) એડવાન્સ ખર્ચ | ૧૦.૮૭ | ૩૭.૬૩ |
| **કુલ ખર્ચ** | **૬૩૧.૧૦** | **૫૭૫.૩૫** |
| **બંધ પુરાંત** | **૧૮૮.૪૬** | **૬૭.૪૩** |

**પત્રક – "બ"**

| (આંકડા કરોડમાં) | | |
|---|---|---|
| અંદાજપત્ર એકત્રીકરણ | | |
| વિગત | સને. ૨૦૧૭–૧૮ મંજૂર કરેલ અંદાજ | સને. ૨૦૧૭–૧૮ રીવાઈઝડ અંદાજ |
| ઉઘડતી પુરાંત | ૧૧૨.૧૩ | ૭૮.૯૩ |
| આવક | ૭૦૭.૪૩ | ૫૬૩.૮૫ |
| **કુલ** | ૮૧૯.૫૬ | ૬૪૨.૭૮ |
| ખર્ચ | ૬૩૧.૧૦ | ૫૭૫.૩૫ |
| **બંધ પુરાંત** | ૧૮૮.૪૬ | ૬૭.૪૩ |

**(૧) ચાલુ સાલના અંદાજો અંગે :**

ચાલુ સાલના અંદાજો કે જે તા. ૩૦–૧૧–૨૦૧૭ સુધીના ખરેખર આવક ખર્ચના આંકડાને ધ્યાનમાં રાખીને તે મુજબ સને. ૨૦૧૭–૧૮નું રીવાઈઝ અંદાજપત્ર બનાવેલ છે. સને. ૨૦૧૭–૧૮ની સાલના મંજૂર કરાયેલ અંદાજ કોલમ નં. ૬માં દર્શાવેલ છે. પ્રથમ આઠ માસમાં ખરેખર થયેલ આવક–ખર્ચના આંકડા કોલમ નં. ૭માં દર્શાવેલ છે. અને બાકીના ચાર માસના સંભવિત આવક અને ખર્ચના આંકડા કોલમ નં. ૮માં દર્શાવેલ છે. સને. ૨૦૧૭–૧૮ની સાલના રીવાઈઝડ કરવામાં આવેલ અંદાજ કોલમ નં. ૯માં દર્શાવેલ છે.

આગામી વર્ષ ૨૦૧૮–૨૦૧૯ માટે ડબલ એન્ટ્રી એકાઉન્ટીંગ સીસ્ટમ હેઠળ (૧) રેવન્યું આવક તથા ખર્ચ (૨) કેપીટલ સ્વભંડોળ આવક અને ખર્ચ (૩) કેપીટલ ગ્રાન્ટ આવક અને ખર્ચ, (૪) એડવાન્સ આવક અને ખર્ચ અને (૫) ડીપોજીટ આવક અને ખર્ચ અંદાજપત્રનાં અંદાજ રજૂ કરવામાં આવેલ છે. સને. ૨૦૧૮–૧૯ની દરખાસ્ત કોલમ નં. ૧૦માં દર્શાવેલ છે.

સને. ૨૦૧૭–૧૮ના વર્ષના અંદાજ રીવાઈઝડ નીચે મુજબ કરવામાં આવેલ છે. વધારો–ઘટાડો દર્શાવવામાં આવેલ છે.

## આવક :

(આંકડા કરોડમાં)

| અનુ. નં. | વિગત | મુળઅંદાજ પત્ર મુજબ (ગ્રાન્ટ ટ્રાન્સફર સહિત) | રીવાઈઝ અંદાજપત્ર મુજબ | વધારો | ઘટાડો |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| (૧) | ઓકટ્રોય વળતર ગ્રાન્ટ | ૩૩.૩૧ | ૩૬.૬૦ | ૩.૨૯ | ૦.૦૦ |
| (૨) | રોકાણ પરનું વ્યાજ | ૦.૭૫ | ૦.૫૦ | ૦.૦૦ | ૦.૨૫ |
| (૩) | વાહન કર. | ૦.૨૦ | ૧.૭૫ | ૧.૫૫ | ૦.૦૦ |
| (૫) | મિલ્કત વેરો (રેન્ટ બેઈઝ) | ૧૦.૦૦ | ૨.૦૦ | ૦.૦૦ | ૮.૦૦ |
| (૬) | મિલ્કત વેરો (કારપેટ) | ૨૮.૧૦ | ૩૦.૦૦ | ૧.૯૦ | ૦.૦૦ |
| (૭) | પ્રોપર્ટી ટેકસ ઓન મોબાઈલ ટાવર | ૧.૦૦ | ૦.૬૨ | ૦.૦૦ | ૦.૩૮ |
| (૮) | મિલ્કત વેરો (અન્ય) | ૧૩.૦૯ | ૧૦.૦૪ | ૦.૦૦ | ૩.૦૫ |
| (૯) | વ્યવસાય વેરો | ૫.૬૮ | ૬.૧૫ | ૦.૪૭ | ૦.૦૦ |
| (૧૦) | ટાઉન પ્લાનીંગ | ૪૯.૯૪ | ૪૦.૧૯ | ૦.૦૦ | ૯.૭૫ |
| (૧૧) | મીટર વાળી ઉપજ | ૧૩.૦૦ | ૧૩.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ |
| (૧૨) | મીટર વગરની ઉપજ | ૧૦.૦૦ | ૧૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ |
| (૧૩) | વોટર વર્કસ અન્ય | ૫.૭૪ | ૩.૪૮ | ૦.૦૦ | ૨.૨૬ |
| (૧૪) | રેવન્યુ ગ્રાંટ | ૩૧.૦૧ | ૩૭.૨૮ | ૬.૨૭ | ૦.૦૦ |
| (૧૫) | અન્ય | ૩૬.૪૧ | ૩૨.૭૨ | ૦.૦૦ | ૩.૬૯ |
| (૧૬) | કેપીટલ સ્વભંડોળ | ૫૨.૧૦ | ૩૦.૫૩ | ૦.૦૦ | ૨૧.૫૭ |
| (૧૭) | કેપીટલ લોન | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ |
| (૧૮) | કેપીટલ ગ્રાન્ટ | ૩૪૭.૬૬ | ૨૨૩.૭૩ | ૦.૦૦ | ૧૨૩.૯૩ |
| (૧૯) | અનામત | ૫૬.૦૦ | ૪૮.૩૩ | ૦.૦૦ | ૭.૬૭ |
| (૨૦) | એડવાન્સ | ૧૩.૪૪ | ૩૬.૯૩ | ૨૩.૪૯ | ૦.૦૦ |
| | **કુલ** | **૭૦૭.૪૩** | **૫૬૩.૮૫** | **૩૬.૯૭** | **૧૮૦.૫૫** |

## ખર્ચ :

(આંકડા કરોડમાં)

| અનુ. નં. | વિગત | અંદાજ પત્ર મુજબ | રીવાઈઝ મુજબ | વધારો | ઘટાડો |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| (૧) | એસ્ટાબ્લીશમેન્ટ ખર્ચ | ૧૨૫.૧૮ | ૧૩૦.૩૯ | ૫.૨૧ | ૦.૦૦ |
| (૨) | વહીવટી ખર્ચ | ૩.૪૧ | ૨.૯૨ | ૦.૦૦ | ૦.૪૯ |
| (૩) | મરામત અને નિભાવણી | ૩૮.૯૫ | ૩૧.૫૫ | ૦.૦૦ | ૭.૪૦ |
| (૪) | નકકી થયેલ પ્રોગ્રામ ખર્ચ | ૦.૮૩ | ૧.૨૪ | ૦.૪૧ | ૦.૦૦ |
| (૫) | લોન વ્યાજ ખર્ચ | ૨.૦૪ | ૧.૦૫ | ૦.૦૦ | ૦.૯૯ |
| (૬) | શિક્ષણ ઉપકર અને લેબર શેષ સરકારશ્રીમાં જમા | ૯.૨૦ | ૮.૭૦ | ૦.૦૦ | ૦.૫૦ |
| (૭) | જાહેર શિક્ષણ ખર્ચ | ૧૧.૧૫ | ૧૧.૧૫ | ૦.૦૦ | ૦.૦૦ |
| (૮) | રેવન્યુ ગ્રાન્ટ ખર્ચ | ૨૪.૯૭ | ૨૨.૬૧ | ૦.૦૦ | ૨.૩૬ |
| (૯) | અન્ય ખર્ચ | ૨.૩૪ | ૩.૭૪ | ૧.૪૦ | ૦.૦૦ |
| (૧૦) | કેપિટલ ખર્ચ સ્વભંડોળ | ૨૭.૦૭ | ૧૪.૩૩ | ૦.૦૦ | ૧૨.૭૪ |
| (૧૧) | કેપિટલ ખર્ચ ગ્રાન્ટ | ૩૩૦.૮૨ | ૨૫૦.૩૩ | ૦.૦૦ | ૮૦.૪૯ |
| (૧૨) | કેપીટલ લોન | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ | ૦.૦૦ |
| (૧૩) | એડવાન્સ | ૧૦.૮૭ | ૩૭.૬૩ | ૨૬.૭૬ | ૦.૦૦ |
| (૧૪) | ડીપોઝીટ | ૩૯.૫૪ | ૫૩.૨૩ | ૧૩.૬૯ | ૦.૦૦ |
| (૧૫) | મ્યુનિ. ફાળો કેપીટલ ખાતે ટ્રાન્સફર | ૪.૭૩ | ૬.૪૮ | ૧.૭૫ | ૦.૦૦ |
| | **કુલ** | **૬૩૧.૧૦** | **૫૭૫.૩૫** | **૪૯.૨૨** | **૧૦૪.૯૭** |

(૨) રીવાઈઝડ અંદાજોના કારણો (મુખ્ય આવકમાં વધારા–ઘટાડો) જોઈએ તો :

(૧) <u>પ્રોપર્ટી ટેક્સ. ::–</u>

ચાલુ વર્ષમાં **રૂા. ૫૨.૧૯** કરોડ આવકનો મૂળ અંદાજ હતો. ચાલુ સાલે તા. ૩૦–૧૧–૨૦૧૭ સુધીમાં કુલ આવક **રૂા. ૨૦.૮૦** કરોડની થયેલ છે. પ્રોપર્ટી ટેક્સનું કુલ બાકી લ્હેણું ધ્યાને લેતા તથા રીકવરીની સઘન ઝુંબેશ અને નવી હદ વિસ્તારમાં ઈશ્યુ થનાર બિલો તથા બાકી રહેતા ટેક્સ ધ્યાને રાખતા તા. ૧–૧૨–૧૭ થી ૩૧–૩–૧૮ની અંદાજીત આવક **રૂા. ૨૧.૮૭** કરોડ ગણતરીમાં લઈ સને. ૨૦૧૭–૧૮નું કુલ રીવાઈઝડ અંદાજ **રૂા. ૪૨.૬૭** કરોડ મૂકવામાં આવેલ છે.

(૨) <u>વ્યવસાય વેરો. ::–</u>

ચાલુ વર્ષમાં **રૂા. ૫.૬૮** કરોડ આવકનો મૂળ અંદાજ હતો. ચાલુ સાલે તા. ૩૦–૧૧–૨૦૧૭ સુધીમાં કુલ આવક **રૂા. ૩.૩૬** કરોડની થયેલ છે. વ્યવસાય વેરાનું કુલ બાકી લ્હેણું ધ્યાને લેતા તથા રીકવરીની સઘન ઝુંબેશ ધ્યાને રાખતા તા.૧–૧૨–૧૭ થી ૩૧–૩–૧૮ની અંદાજીત આવક **રૂા. ૨.૮૦** કરોડ ગણતરીમાં લઈ સને. ૨૦૧૭–૧૮નું કુલ રીવાઈઝડ અંદાજ **રૂા. ૬.૧૬** કરોડ મૂકવામાં આવેલ છે.

(૩) <u>ટાઉન પ્લાનીંગ . ::–</u>

ચાલુ વર્ષમાં **રૂા. ૪૯.૯૪** કરોડ આવકનો મૂળ અંદાજ હતો. ચાલુ સાલે તા. ૩૦–૧૧–૨૦૧૭ સુધીમાં કુલ આવક **રૂા. ૨૨.૮૪** કરોડની થયેલ છે. તા.૧–૧૨–૧૭ થી ૩૧–૩–૧૮ની અંદાજીત આવક **રૂા. ૧૭.૩૫** કરોડ ગણતરીમાં લઈ સને. ૨૦૧૭–૧૮નું કુલ રીવાઈઝડ અંદાજ **રૂા. ૪૦.૧૯** કરોડ મૂકવામાં આવેલ છે.

(૪) <u>એસ્ટાબ્લીશમેન્ટ ખર્ચ.::–</u>

એસ્ટાબ્લીશમેન્ટ ખર્ચ ચાલુ સાલે નવે–૨૦૧૭ સુધીમાં **રૂા. ૮૩.૯૨** કરોડ થયેલ છે. મુળ અંદાજ મુજબ **રૂા. ૧૨૫.૧૮** કરોડ અંદાજવામાં આવેલ હતો. રીવાઈઝ અંદાજપત્રમાં **રૂા. ૧૩૦.૩૯** કરોડ અંદાજ મુકવામાં આવેલો છે. સાતમાં પગાર પંચના અમલવારીથી અંદાજમાં **રૂા. ૫.૨૧** કરોડનો વધારો સૂચવવામાં આવેલ છે.

(૫) <u>જમીન વેચાણ અંગેની આવક. ::–</u>

ચાલુ વર્ષે અંદાજપત્રમાં રાવળી જમીન અને ટી.પી.સ્કીમની જમીન વેચાણની આવક **રૂા. ૪૦.૦૫** કરોડ અંદાજવામાં આવેલ. જે અન્વયે તા. ૩૦–૧૧–૨૦૧૭ સુધીમાં **રૂા. ૫.૮૮** કરોડની આવક થયેલ છે. ચાલુ સાલે જમીન વેચાણની પ્રક્રિયા ધ્યાને લેતા રીવાઈઝ અંદાજ **રૂા. ૨૨.૯૩** કરોડનો મુકવામાં આવેલ છે.

(૬) <u>કેપીટલ ગ્રાંટ. ::–</u>

સને. ૨૦૧૭–૧૮માં કેપીટલ ગ્રાન્ટ આવક **રૂા. ૩૪૭.૬૬** કરોડ અંદાજવામાં આવેલ, જેમાં તા. ૩૦–૧૧–૨૦૧૭ સુધીમાં ગ્રાન્ટ ના હેડે **રૂા. ૧૦૩.૩૩** કરોડ પ્રાપ્ત થયેલ છે. હવે પછી ચાર માસમાં મળનાર ગ્રાન્ટ આવકને ધ્યાનમાં રાખી રીવાઈઝડ અંદાજ **રૂા. ૨૨૩.૭૩** કરોડ મૂકવામાં આવેલ છે.

ચાલુ વર્ષમાં તા. ૩૦–૧૧–૧૭ સુધીમાં કુલ રેવન્યુ ખર્ચ **રૂા. ૧૩૧.૯૦** કરોડનું થયેલ છે અને ૨૦૧૭–૧૮ નુ રીવાઈઝડ અંદાજપત્ર મુજબ કુલ રેવન્યુ ખર્ચ **રૂા. ૨૧૯.૮૩** કરોડ થવા જશે તેમ અંદાજ છે.

ચાલુ વર્ષમાં તા. ૩૦–૧૧–૧૭ સુધીમાં કુલ કેપીટલ સ્વભંડોળ ખર્ચ **રૂા. ૦.૯૭** કરોડ થયેલ છે. અને ૨૦૧૭–૧૮ નું રીવાઈઝડ કેપીટલ સ્વભંડોળ ખર્ચ **રૂા. ૧૪.૩૩** કરોડ થવા જશે તેમ અંદાજ છે.

ચાલુ વર્ષમાં તા. ૩૦–૧૧–૧૭ સુધીમાં કુલ કેપીટલ ગ્રાન્ટ ખર્ચ **રૂા. ૧૦૯.૨૮** કરોડ થયેલ છે. અને ૨૦૧૭–૧૮ નું રીવાઈઝડ કેપીટલ ગ્રાન્ટ ખર્ચ **રૂા. ૨૫૦.૩૩** કરોડ થવા જશે તેમ અંદાજ છે.

**: વિભાગ – બ :**

## ➢ <u>*સને. ૨૦૧૮–૧૯નું ડ્રાફ્ટ અંદાજપત્ર*</u>

(આંકડા કરોડમાં)

| *આવક* | *સને. ૨૦૧૮–૧૯ નો અંદાજ* | *ખર્ચ* | *સને. ૨૦૧૮–૧૯ નો અંદાજ* |
|---|---|---|---|
| **ઉઘડતી પુરાંત** | ૬૭.૪૩ | | |
| (૧) રેવન્યુ આવક | | (૧) રેવન્યુ ખર્ચ | |
| (અ) સ્વભંડોળ આવક | ૧૭૨.૬૭ | (અ) સ્વભંડોળ ખર્ચ | ૨૧૫.૦૧ |
| (બ) ગ્રાંટ આવક | ૭૮.૦૬ | (બ) ગ્રાંટ ખર્ચ | ૩૦.૭૨ |
| (૨) કેપીટલ સ્વભંડોળ આવક | ૩૨.૯૩ | (૨) કેપીટલ સ્વભંડોળ ખર્ચ | ૨૭.૯૩ |
| (૩) કેપીટલ ગ્રાંટ આવક | ૨૪૧.૭૩ | (૩) કેપીટલ ગ્રાંટ ખર્ચ | ૨૬૩.૦૩ |
| (૪) અનામત આવક | ૫૩.૭૩ | (૪) અનામત ખર્ચ | ૫૭.૪૩ |
| (૫) એડવાન્સ આવક | ૧૯.૯૩ | (૫) એડવાન્સ ખર્ચ | ૨૦.૯૩ |
| **કુલ આવક** | **૫૯૯.૦૫** | **કુલ ખર્ચ** | **૬૧૫.૦૫** |
| **ઉઘડતી સિલક સહ કુલ** | **૬૬૬.૪૮** | **બંધ પુરાંત** | **૫૧.૪૩** |

કાયદાની જોગવાઈ અનુસાર અંદાજપત્ર પુરાંત દર્શાવતું હોવુ જોઈએ. અંદાજપત્ર એ કોઈ નિશ્ચિત સમયગાળામાં થનાર આવક અને ખર્ચની વાસ્તવિક પરિસ્થિતિ રજુ કરતું આયોજન નથી પરંતુ અંદાજપત્રએ નિશ્ચિત સમયગાળામાં થનાર અંદાજિત આવક અને આવકની સામે થનાર ખર્ચની વિગતો દર્શાવતુ માત્ર આયોજન જ છે. આવક તથા ખર્ચનું આયોજન અનેકવિધ પરિબળો ઉપર નિર્ભર હોય છે. અનેકવિધ પરિબળો પૈકી કોઈ એક પરિબળ પણ આયોજનથી વિરુદ્ધ પરિણમે તો તેની સીધી અસર સમગ્ર અંદાજપત્ર ઉપર પડે છે.

ચાલુ સાલના રીવાઈઝડ અંદાજપત્ર તથા આગામી સાલના અંદાજપત્રમાં પણ જુદા જુદા પરિબળો આધારિત આવક અને ખર્ચના અંદાજો સાથે પુરાંતલક્ષી અંદાજપત્ર રજુ કરવામાં આવેલ છે. આવા પરિબળો પૈકી કોઈ એક અથવા એકથી વધુ પરિબળો આવકના લક્ષ્યાંકોને વિપરિત અસર કરે તો તેની સીધી અસર ખર્ચના અંદાજો ઉપર પણ સ્વભાવિક રીતે પડે જ છે. અને અંદાજીત પુરાંતલક્ષી અંદાજપત્ર ની સામે ખાધરૂપી વાસ્તવિક પરિસ્થિતિ પરિણમી શકે છે. જે આપણે સૌએ ધ્યાને લેવું જરૂરી છે.

## અંદાજપત્ર દરખાસ્ત સને. ૨૦૧૮–૨૦૧૯ :

સને. ૨૦૧૭–૨૦૧૮નાં રીવાઈઝ અંદાજપત્રને લક્ષમાં રાખીને સને. ૨૦૧૮–૨૦૧૯નું અંદાજપત્ર તૈયાર કરેલ છે. જેમાં મહેસુલી આવક **રૂા. ૨૫૦.૭૩** કરોડ અંદાજવામાં આવેલ છે. જેમાં શરૂઆતની અંદાજીત મહેસુલી સિલક **રૂા. ૭.૭૫** કરોડ ઉમેરતા કુલ **રૂા. ૨૫૮.૪૮** કરોડ થાય છે. મહેસુલી ખર્ચ **રૂા. ૨૪૫.૭૩** કરોડ અંદાજવામાં આવેલ હોય, વર્ષના અંતે **રૂા. ૧૨.૭૫** કરોડની મહેસુલી બંધપુરાંત રહેશે.

## મહેસુલી આવક અને ખર્ચની વિગતો નીચે મુજબ છે :

**(રકમ રૂા. કરોડમાં)**

| અનું. નંબર | મહેસુલી આવક. | રકમ. | અનું. નંબર | મહેસુલી ખર્ચ. | રકમ. |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| (૧) | ટેકસ આવક | ૬૫.૧૩ | (૧) | એસ્ટાબ્લીશમેન્ટ ખર્ચ (સ્ટાફ) | ૭૦.૭૩ |
| (૨) | ટેકસ વગરની આવક | ૮૫.૨૬ | (૨) | એસ્ટાબ્લીશમેન્ટ ખર્ચ (સફાઈ) | ૬૬.૨૦ |
| (૩) | એજયુકેશન શેષ, લેબર વેલ્ફેર આવક | ૧૦.૨૫ | (૩) | એસ્ટાબ્લીશમેન્ટ ખર્ચ(જેએમટીએસ) | ૫.૭૩ |
| (૪) | ઓકટ્રોય ગ્રાન્ટ આવક | ૪૦.૨૬ | (૪) | વહીવટી ખર્ચ | ૩.૭૮ |
| (૫) | અન્ય ગ્રાન્ટ આવક | ૩૭.૮૦ | (૫) | મરામત અને નિભાવ ખર્ચ | ૩૬.૫૭ |
| (૬) | અન્ય આવક | ૧૨.૦૩ | (૬) | રેવન્યુ ગ્રાંટ ખર્ચ | ૩૦.૭૨ |
| | | | (૭) | લોન વ્યાજ ખર્ચ | ૧.૦૫ |
| | | | (૮) | એજયુકેશન શેષ અને લેબર વેલ્ફેર સરકારશ્રીમાં જમા | ૯.૨૦ |
| | | | (૯) | નકકી થયેલ પ્રોગ્રામ ખર્ચ | ૦.૯૦ |
| | | | (૧૦) | જાહેર શિક્ષણ ખર્ચ | ૧૨.૮૦ |
| | | | (૧૧) | પરચુરણ ખર્ચ | ૩.૫૨ |
| | | | (૧૨) | કેપીટલ ખાતે ટ્રાન્સફર | ૪.૫૩ |
| | **કુલ.....** | **૨૫૦.૭૩** | | **કુલ.....** | **૨૪૫.૭૩** |

## કેપીટલ સ્વભંડોળ આવક અને ખર્ચની વિગતો નીચે મુજબ છે :

સને ૨૦૧૮–૧૯ ના અંદાજપત્રમાં કેપીટલ સ્વભંડોળ આવક **રૂા. ૩૨.૯૩** કરોડ અંદાજવામાં આવેલ છે. જેમાં શરૂઆતની અંદાજીત સિલક **રૂા. ૧૯.૦૮** કરોડ ઉમેરતા કુલ **રૂા. ૫૨.૦૧** કરોડ થાય છે. જેમાં કેપીટલ સ્વભંડોળ ખર્ચ **રૂા. ૨૭.૯૩** કરોડ અંદાજવામાં આવેલ હોય, વર્ષના અંતે **રૂા. ૨૪.૦૮** કરોડની કેપીટલ સ્વભંડોળની પુરાંત રહેશે.

## કેપીટલ સ્વભંડોળ

(રકમ રૂા. કરોડમાં)

| ક્રમ | કેપીટલ આવક | રકમ | ક્રમ | કેપીટલ ખર્ચ | રકમ✓ |
|---|---|---|---|---|---|
| ૧ | રેવન્યુ ફાળો | ૫.૫૧ | ૧ | સામાન્ય વહિવટ | ૧.૧૫ |
| ૨ | જમીન વેચાણ | ૨૦.૧૨ | ૨ | પ્લાનીંગ એન્ડ રેગ્યુલેશન | ૦.૨૫ |
| ૩ | દુકાનનું વેચાણ | ૭.૩૦ | ૩ | પાણી અને ગટર વ્યવસ્થા | ૧૦.૫૬ |
| | | | ૪ | સેનીટેશન અને સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ | ૦.૩૭ |
| | | | ૫ | જાહેર સુખાકારી અને સમૃદ્ધિ | ૧૧.૯૧ |
| | | | ૬ | શહેરી વનિકરણ | ૦.૬૩ |
| | | | ૭ | શહેરી ગરીબી નાબૂદી અને સામાજીક ઉત્કર્ષ | ૧.૮૧ |
| | | | ૮ | જાહેર શિક્ષણ | ૧.૦૮ |
| | | | ૯ | આરોગ્ય અન્ય આનુષાંગિક સેવાઓ | ૦.૧૭ |
| | કુલ | ૩૨.૯૩ | | કુલ | ૨૭.૯૩ |

**કેપીટલ ગ્રાન્ટ આવક અને ખર્ચની વિગતો નીચે મુજબ છે :**

સને ૨૦૧૮–૧૯ ના અંદાજપત્રમાં કેપીટલ ગ્રાન્ટ આવક **રૂા. ૨૪૧.૭૩** કરોડ અંદાજવામાં આવેલ છે. જેમાં શરૂઆતની અંદાજીત સિલક **રૂા. ૩૦.૧૮** કરોડ ઉમેરતા કુલ **રૂા. ૨૭૧.૯૧** કરોડ થાય છે. જેમાં કેપીટલ ગ્રાન્ટ ખર્ચ **રૂા. ૨૬૩.૦૩** કરોડ અંદાજવામાં આવેલ હોય, વર્ષના અંતે **રૂા. ૮.૮૮** કરોડની કેપીટલ ગ્રાન્ટની બંધ પુરાંત રહેશે.

## કેપીટલ ગ્રાન્ટ

(રકમ રૂા. કરોડમાં)

| ગ્રાંટ આવક | રકમ | ગ્રાંટ ખર્ચ | રકમ |
|---|---|---|---|
| સ્વર્ણિમ જયંતિ મુખ્ય મંત્રી શહેરી વિકાસ યોજના (યુડીપી–૭૮) | ૫૫.૦૦ | **૧૪મા નાણાંપંચ ની ગ્રાંટ ના કામો** | |
| સ્વર્ણિમ જયંતિ મુખ્ય મંત્રી શહેરી વિકાસ યોજના (સડક યોજના) | ૨.૦૦ | – ઈ–ગવર્નન્સ પ્રોજેકટ | ૧.૦૦ |
| સ્વર્ણિમ જયંતિ મુખ્ય મંત્રી શહેરી વિકાસ યોજના (ઓવરબ્રીજ) | ૧૦.૦૦ | – પાણી પુરવઠા ના કામો | ૧૧.૮૬ |
| સ્વર્ણિમ જયંતિ મુખ્ય મંત્રી શહેરી વિકાસ યોજના (આગવી ઓળખ) | ૧૦.૦૦ | – ભૂગર્ભ ગટર ના કામો | ૭.૯૦ |
| કેપીટલ ગ્રાંટ ઉપર મળેલ વ્યાજ | ૧.૦૦ | – એમ્બ્યુલન્સ ખરીદી | ૦.૫૦ |
| અમૃત યોજના હેઠળની ગ્રાન્ટ | ૩૫.૯૦ | | |
| આઈ.સી.ઝેડ.એમ. પ્રોજેકટ ગાંટ | ૨.૦૦ | **સ્વર્ણિમ જયંતિ મુખ્ય મંત્રી શહેરી વિકાસ યોજના (યુડીપી–૭૮) ગ્રાંટ હેઠળના કામો** | |
| ગુજરાત મ્યુ. ફાઈનાન્સ બોર્ડ ગ્રાંટ | ૧.૮૧ | – વોટર વર્કસને લગત કામો | ૧૦.૦૦ |
| જિલ્લા આયોજન મંડળ | ૪.૧૧ | – ભૂગર્ભ ગટરને લગત કામો | ૬.૦૦ |
| ૧૪મા નાણાંપંચની ગ્રાન્ટ | ૯.૦૦ | – ઈન્ફ્રાસ્ટ્રકચર ને લગત કામો | ૧૫.૭૬ |
| પ્રધાનમંત્રી આવાસ યોજનાની ગ્રાન્ટ | ૪૩.૭૩ | – સ્ટ્રીટ લાઈટને લગત કામો | ૯.૩૫ |

| ગ્રાંટ આવક | રકમ | ગ્રાંટ ખર્ચ | રકમ |
|---|---|---|---|
| મહાત્મા ગાંધી સ્વચ્છતા મિશન | ૧.૦૦ | – પ્રોજેકટ ને લગત કામો | ૨૬.૦૦ |
| | | – સર્વે કામગીરી | ૦.૪૫ |
| પ્રધાન મંત્રી ગૃહ યોજના અંતર્ગત લાભાર્થી ફાળો | ૫૦.૦૦ | **સ્વર્ણિમ જયંતિ મુખ્ય મંત્રી શહેરી વિકાસ યોજના (આગવી ઓળખ)** | ૧૦.૦૦ |
| મુખ્ય મંત્રી ગૃહ યોજના અંતર્ગત લાભાર્થી ફાળો | ૪.૯૧ | **અમૃત યોજનાની ગ્રાન્ટના કામો** | ૫૪.૫૦ |
| સ્વર્ણિમ જયંતિ મુખ્ય મંત્રી શહેરી વિકાસ યોજના – ફલાય ઓવર બ્રીજ | ૧૦.૦૦ | **પ્રધાનમંત્રી ગૃહ યોજના અંતર્ગત આવાસો બનાવવાના કામો** | ૮૫.૭૦ |
| પરચુરણ ગ્રાંટ | ૧.૨૭ | **સ્વર્ણિમ જયંતિ મુખ્ય મંત્રી શહેરી વિકાસ યોજના ગ્રાંટ હેઠળ ફલાય ઓવરબ્રીજ બનાવવાનું કામ** | ૧૦.૦૦ |
| | | **પે એન્ડ યુઝ ટોઈલેટ બ્લોક બનાવવાના કામો** | ૧.૦૦ |
| | | **નાઈટ શેલ્ટર બનાવવાનું કામ** | ૦.૩૬ |
| | | **જિલ્લા આયોજન મંડળની ગ્રાંટ હેઠળના કામો** | ૪.૯૯ |
| | | **લોકભાગીદારી યોજના હેઠળ ના કામો –ઈન્ફ્રાસ્ટ્રકચરને લગતકામો** | ૨.૦૦ |
| | | **ગુજરાત મ્યુ. ફાઈના. બોર્ડની ગ્રાંટ હેઠળ ના કામો –ઈન્ફ્રાસ્ટ્રકચરને લગત કામો** | ૧.૦૦ |
| | | **આઈ.સી.ઝેડ.એમ. પ્રોજેકટ હેઠળ ભૂગર્ભ ગટર ના કામો** | ૨.૦૦ |
| | | **મહાત્મા ગાંધી સ્વચ્છતા મિશન** | ૧.૦૦ |
| | | **પરચુરણ ગ્રાંટ સામેના કામો** | ૧.૬૬ |
| **કુલ** | **૨૪૧.૭૩** | **કુલ** | **૨૬૩.૦૩** |

# : કરદરમાં સૂચવેલ વધારો :

જામનગર શહેરની હદ ૩૪ ચો.કીમી.માંથી ૧૨૮ ચો.કીમી.ની થવા પામેલ છે, નવી હદ વધતા જામનગર મહાનગરપાલિકા નવી હદમાં તમામ સુવિધાઓ પૂરી પાડવા અથાગ પ્રયત્ન કરી રહયું છે. કેપીટલ કામો કરવાની જવાબદારી ઉપરાંત મેઈન્ટેનન્સની જવાબદારીનું ભારણ ખુબજ વધવા પામ્યું છે. તાજેતરમાંજ સરકારશ્રી દ્વારા કર્મચારીઓને સાતમા પગારપંચનો લાભ આપવામા આવેલ છે, ઉપરાંત મહાનગરપાલિકા દ્વારા નવી હદ વિસ્તારમાં પાણી પૂરવઠાના પ્રોજેકટો, સ્ટ્રીટ લાઈટના પ્રોજેકટો હાથ ધરેલ છે. હૈયાત વિસ્તારોમાં ભૂગર્ભ ગટરના પ્રોજેકટો હાથ ધરેલ છે, આને કારણે વિજ બિલમાં પણ ખાસ્સો એવો વધારો થવા પામેલ છે.

જામનગર મહાનગરપાલિકાના મુખ્ય આવકના સ્ત્રોતમાં મિલ્કત વેરો અને પાણી ચાર્જ આ બેનો જ સમાવેશ થાય છે. હૈયાત કરમાળખા અંતર્ગતની વાર્ષિક ડીમાન્ડ ધ્યાને લેતા આ આવક એ ફરજીયાત કરવા પડતા ખર્ચ સામે નહીંવત છે. મહાનગરપાલિકાની વાર્ષિક ડીમાન્ડ નીચે મુજબ છે.

| ક્રમ | વેરાઓના નામ | વાર્ષિક ડીમાન્ડ (રૂા. કરોડ) |
|---|---|---|
| ૧ | પ્રોપર્ટી ટેકસ હૈયાત | ૨૩.૩૭ |
| | પ્રોપર્ટી ટેકસ નવો વિસ્તાર | ૧૫.૩૦ |
| | **કુલ** | **૩૮.૬૭** |
| ૨ | કન્ઝર્વન્સી એન્ડ સીવરેજ ટેકસ હૈયાત | ૧.૨૬ |
| | કન્ઝર્વન્સી એન્ડ સીવરેજ ટેકસ નવો વિસ્તાર | ૦.૭૭ |
| | **કુલ** | **૨.૦૩** |
| ૩ | પ્રોફેશ્નલ ટેકસ હૈયાત | ૪.૦૦ |
| | પ્રોફેશ્નલ ટેકસ નવો વિસ્તાર | ૧.૮૦ |
| | **કુલ** | **૫.૮૦** |
| ૪ | એન્ટરટેઈનમેન્ટ ટેકસ | ૦.૬૦ |
| ૫ | વ્હીકલ ટેકસ | ૧.૦૦ |
| ૬ | શો ટેકસ | ૦.૧૦ |
| ૭ | સોલીડ વેસ્ટ કલેકશન ચાર્જ હૈયાત | ૨.૧૨ |
| | સોલીડ વેસ્ટ કલેકશન ચાર્જ નવો વિસ્તાર | ૧.૧૮ |
| | **કુલ** | **૩.૩૦** |

| ક્રમ | વેરાઓના નામ | વાર્ષિક ડીમાન્ડ (રૂા. કરોડ) |
|---|---|---|
| ૮ | એજ્યુકેશન શેષ હૈયાત<br>એજ્યુકેશન શેષ નવો વિસ્તાર<br>કુલ | ૪.૧૩<br>૧.૫૩<br>**૫.૬૬** |
| ૯ | ફીકસ વોટર ચાર્જીસ | ૭.૯૩ |
| ૧૦ | મીટર વોટર ચાર્જીસ | ૧૦.૦૦ |
| ૧૧ | ફેકટરી લાયસન્સ ફી | ૦.૨૫ |
| ૧૨ | રેન્ટલ ઈન્કમ | ૦.૫૦ |
| ૧૩ | જાહેરાત બોર્ડ ફી આવક | ૧.૦૦ |
| ૧૪ | ટાઉન પ્લાનીંગ ચાર્જીસ આવક | ૨૫.૦૦ |
| ૧૫ | એસ્ટેટના અન્ય ચાર્જીસ | ૧.૦૦ |
| ૧૬ | અન્ય ફી અને ચાર્જીસ | ૧.૦૦ |
| | **કુલ** | **૧૦૩.૮૪** |

આ ઉપરાંતની ડીમાન્ડ વગરની અન્ય આવકો ધ્યાને લેતા મહત્તમ **રૂા. ૧૦** કરોડ થવા જાય છે. મહાનગરપાલિકાની કુલ મહેસુલી આવક ચાલુ કર–દર ધ્યાને લેતા **રૂા. ૧૧૩.૮૪** કરોડથી વધુ થવાની કોઈ શકયતા રહેવા પામતી નથી. જે કંઈપણ બાકી રોકાતી રકમ અન્વયેની વસુલાત થયે આવક ઉમેરવાની રહે અને વાર્ષિક ઓકટ્રોય ગ્રાન્ટ **રૂા. ૩૬.૫૭** કરોડ ઉમેરતા કુલ રેવન્યુ આવક **રૂા. ૧૫૦.૪૧** કરોડ થવા પામે જેની સામે ફરજીયાત કરવા પડતા ખર્ચાઓ જેવા કે, પગાર, પેન્શન, રીટાયરમેન્ટ બેનીફીટ, વિજળી બિલ, લોન હપ્તા અને વ્યાજ, પેટ્રોલ–ઓઈલ–ડીઝલ, પાણી ચાર્જ અને અન્ય કન્ટીજન્સી ધ્યાને લેતા આ રકમ **રૂા. ૧૬૫** કરોડ થવા જાય છે. આ સંજોગોમાં હૈયાત કર–દર માળખા અને પાછલી વસુલાત ધ્યાને રાખતા વિકાસના કામો માટે નહીં પરંતુ મેઈન્ટેનન્સના કામો માટે પણ કોઈ જ રકમ ફાળવી શકાય તેવી શકયતા જણાતી નથી. જેની સામે છેલ્લા પાંચ વર્ષમાં કરેલ કેપીટલ કામોના મેઈન્ટેનન્સ ખર્ચમાં પણ દિનપ્રતિદિન વધારો થતો જાય છે.

બાકી વેરાઓની સઘન વસુલાત ઝુંબેશ માટે જામનગર મહાનગરપાલિકા કાર્યરત છેજ. આ ઉપરાંત બાકી વેરાઓ અન્વયે વ્યાજ માફી યોજનાઓ પણ અમલમા મૂકેલ છે, અને આ યોજનાઓને સારો એવો પ્રતિસાદ સાંપડેલ છે. અને આગામી સાલમાં પણ આ યોજના ચાલુ રાખવા દરખાસ્ત કરેલ છે. પરંતુ વાસ્તવિક પરિસ્થિતિઓ ધ્યાને લેતા અને જે સેવાઓ પાછળ ખુબજ મોટા પ્રમાણમાં ખર્ચ વહન કરતા હોઈએ તેવા ખર્ચાઓમાં કોસ્ટ રીકવરી થવીજ જોઈએ અન્યથા આ સેવાઓ સારી રીતે શહેરીજનોને પૂરી પાડી શકીએ નહીં.

ઉપરોકત તમામ પરિબળો ધ્યાને રાખતા આગામી સાલ ૨૦૧૮–૧૯ માટે નીચે મુજબની વિગતે કરદરમાં વધારો સૂચવેલ છે.

## લઘુતમ મિલ્કત વેરાના દરોમાં વધારો :

મહાનગરપાલિકા દ્વારા તા. ૧–૪–૨૦૦૬થી ક્ષેત્રફળ આધારિત મિલ્કતવેરા પ્રથા અમલમાં મૂકવામાં આવેલ છે. એટલે કે, ૧૨ વર્ષ થયે લઘુતમ મિલ્કત વેરાના દરો યથાવત છે. આ લઘુતમ મિલ્કત વેરાના દરો સને. ૨૦૦૧ની જંત્રી આધારિત નિયત કરવામાં આવેલ જે આજના સંજોગોમાં સુસંગત ન હોય, જંત્રી મુજબના સુધારા અન્વયેનો લઘુતમ મિલ્કત વેરો નિયત કરવો જરૂરી હોય. લઘુતમ મિલ્કત વેરાના દરમાં વધારો સૂચવેલ છે.

| ક્રમ | પરિબળો, પેટા પરિબળો, મિલ્કતવેરાના દરો અને લઘુતમ મિલ્કતવેરાની વિગતો | | હાલના કરદર | કમિશ્નરશ્રીએ સૂચવેલ કરદર |
|---|---|---|---|---|
| ૧ | ૨ | | ૩ | ૪ |
| ૧ | રહેણાંકની ઈમારતો માટે લઘુત્તમ મિલ્કત વેરો (મિનીમમ પ્રોપર્ટી ટેક્સ) (પ્રતિ વર્ષ) | | | |
| | (૧) | ૨૫ ચો.મી. સુધી | રૂા.૨૦૦ | રૂા.૪૦૦ |
| | (૨) | ૨૫ ચો.મી.થી વધુ અને ૩૦ ચો.મી. સુધી | રૂા.૨૫૦ | રૂા.૫૦૦ |
| | (૩) | ૩૦ ચો.મી.થી વધુ અને ૫૦ ચો.મી. સુધી | રૂા.૩૦૦ | રૂા.૬૦૦ |
| | (૪) | ૫૦ ચો.મી.થી વધુ | રૂા.૪૦૦ | રૂા.૮૦૦ |
| ૨ | બિનરહેણાંક ઈમારતો માટે લઘુત્તમ મિલ્કત વેરો (મિનીમમ પ્રોપર્ટી ટેક્સ) (પ્રતિ વર્ષ) | | | |
| | (૧) | ૧૫ ચો.મી. સુધી | રૂા.૫૦૦ | રૂા.૭૦૦ |
| | (૨) | ૧૫ ચો.મી.થી વધુ અને ૩૦ ચો.મી. સુધી | રૂા.૭૫૦ | રૂા.૯૫૦ |
| | (૩) | ૩૦ ચો.મી.થી વધુ | રૂા.૧૦૦૦ | રૂા.૧૨૫૦ |

## સ્થળ પરિબળમાં સુધારો :

ક્ષેત્રફળ આધારિત મિલ્કત વેરાની પદ્ધતિનાં રાજય સરકારશ્રી દ્વારા જે તે સમયે મંજુર થયેલા નિયમો પૈકી નિયમ–(૨૬)નાં પેટાનિયમ–(૩)માં લાગુ પડતા વિસ્તારોની જમીનની અંદાજિત બજાર કિંમત તથા જે તે વિસ્તારનાં વર્ગને ધ્યાને લઈ સ્થળ પરિબળો નિયત કરવામાં આવેલા છે અને આ નિયત કરવામાં આવેલ સ્થળ પરિબળો અનુસાર અનુસૂચિ–(ક), પ્રકરણ–(૮)નાં નિયમ–૮(ક), નિયમ–૮(ખ), નિયમ–૮(ગ) અને નિયમ–૮(ગ)(ગ)માં દર્શાવેલ સ્થળ પરિબળોનાં ભારાંક નિયત કરવામાં આવેલા છે. પરંતુ, હાલનાં સંજોગોમાં સરકારશ્રીની જંત્રીનાં ભાવ વીં પામેલ હોય, સ્થળ પરિબળોનાં ભારાંકમાં પણ તેનાં પ્રમાણમાં વધારો કરવો જરૂરી અને આવશ્યક છે. જે હાલની જમીનની અંદાજિત બજાર કિંમત એટલે કે હાલની જંત્રી મુજબનાં ભાવો કોલમ નં.(૬)માં દર્શાવવામાં આવેલ છે. કોલમ નં.(૫)ની જગ્યાએ કોલમ નં.(૬)માં દર્શાવ્યા અનુસારનાં જંત્રી મુજબનાં ભાવો રીવાઈઝ કરી તે મુજબ સ્થળ પરિબળનાં ભારાંકમાં સુધારો કરવાનું સૂચિત કરવામાં આવે છે.

***નિયમ–૨૬(૩)નું હાલનું અને સુધારા સાથેનું સૂચિત સ્ટેટસ***

| ક્રમ | લોકેશન ઝોન માટેનો કોડ | પ્લાનમાં દર્શાવેલ લોકેશન ઝોનનો કલર કોડ | લોકેશન ઝોનનું નામ | મંજુર થયેલા નિયમો અનુસાર લાગુ પડતા વિસ્તારની જમીનની અંદાજીત બજાર કિંમત (પ્રતિ ચો.મી.) (હાલનું સ્ટેટસ) | લાગુ પડતા વિસ્તારની જમીનની હાલની અંદાજીત બજાર કિંમત (પ્રતિ ચો.મી.) (સૂચિત સ્ટેટસ) |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૧ | L/1 | રેડ કલર | સમૃદ્ધ વિસ્તાર (Rich Area) | રૂા.૬૦૦૦ થી વધુ | રૂા.૮૦૦૦ થી વધુ |
| ૨ | L/2 | બ્લ્યુ કલર | સારો વિસ્તાર (Good Area) | રૂા. ૪૦૦૧ થી રૂા.૬૦૦૦ સુધી | રૂા.૬૦૦૧ થી રૂા.૮૦૦૦ સુધી |

| ક્રમ | લોકેશન ઝોન માટેનો કોડ | પ્લાનમાં દર્શાવેલ લોકેશન ઝોનનો કલર કોડ | લોકેશન ઝોનનું નામ | મંજુર થયેલા નિયમો અનુસાર લાગુ પડતા વિસ્તારની જમીનની અંદાજીત બજાર કિંમત (પ્રતિ ચો.મી.) (હાલનું સ્ટેટસ) | લાગુ પડતા વિસ્તારની જમીનની હાલની અંદાજીત બજાર કિંમત (પ્રતિ ચો.મી.) (સૂચિત સ્ટેટસ) |
|---|---|---|---|---|---|
| ૩ | L/3 | ગ્રીન કલર | ઉચ્ચો મધ્યમ વિસ્તાર (Upper Middle Area) | રૂા. ૨૦૦૧ થી રૂા.૪૦૦૦ સુધી | રૂા.૪૦૦૧ થી રૂા.૬૦૦૦ સુધી |
| ૪ | L/4 | ઓરેન્જ કલર | મધ્યમ વિસ્તાર (Middle Area) | રૂા.૧૦૦૧ થી રૂા.૨૦૦૦ સુધી | રૂા.૨૦૦૧ થી રૂા.૪૦૦૦ સુધી |
| ૫ | L/5 | યલો કલર | નબળો વિસ્તાર (Poor Area) | રૂા.૧૦૦૦ અને તેનાથી ઓછી | રૂા.૨૦૦૦ અને તેનાથી ઓછી |

## *સરચાર્જ (શિક્ષણ ઉપકર)માં વધારો :*

સરકારશ્રીના ગુજરાત શિક્ષણ ઉપકર અધિનિયમ ૧૯૬૨ અન્વયેના વિધયેક ક્રમાંક ૧૩/૨૦૦૬, તા. ૧૬–૩–૦૬ અનુસાર ક્ષેત્રફળ આધારિત સરચાર્જ (શિક્ષણ ઉપકર)ના દરો તા. ૧–૪–૦૬થી અમલમાં આવ્યા બાદ તેમાં પણ ૧૨ વર્ષથી કોઈ વધારો કરેલ નથી. જેની સામે શિક્ષણ ખર્ચમાં ઉતરોતર વધારો થયેલ હોય, આ દર પણ વધારવા ખુબજ જરૂરી જણાય છે.

| ક્રમ | વિગત | હાલના કરદર | | કમિશ્નરશ્રીએ સૂચવેલ કરદર | |
|---|---|---|---|---|---|
| | | રહેણાંકની ઈમારતો માટે | રહેણાંક સિવાયની ઈમારતો માટે | રહેણાંકની ઈમારતો માટે | રહેણાંક સિવાયની ઈમારતો માટે |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૧ | મિલ્કત વેરાની રકમ રૂા. ૨૦૦ સુધી હોય તો | માફી | માફી | ૧૦% | ૧૫% |
| ૨ | મિલ્કત વેરાની રકમ રૂા. ૨૦૧થી વધુ અને ૬૦૦ સુધી | ૫% | ૧૦% | ૧૫% | ૨૫% |
| ૩ | મિલ્કત વેરાની રકમ રૂા. ૬૦૧ થી વધુ અને રૂા. ૨૦૦૦ સુધી | ૧૦% | ૨૦% | ૨૫% | ૩૫% |
| ૪ | મિલ્કત વેરાની રકમ રૂા. ૨૦૦૦થી વધુ હોય તો | ૧૫% | ૩૦% | ૩૫% | ૪૫% |

## "કન્ઝર્વન્સી એન્ડ સુઅરેજ ટેકસ"માં સૂચિત વધારો :

જામનગર મહાનગરપાલિકા દ્વારા શહેરમાં ભૂગર્ભ ગટર નેટવર્કનું કામ પૂર્ણ કરવામાં આવેલ છે. આ ઉપરાંત બાકી રહેતા વિસ્તારોમાં પાઈપ ગટરના કામો પણ ચાલુ છે. ઉપરાંત નવા હદ વિસ્તારોમાં વહન કરવામાં આવતા મેઈન્ટેનન્સ ખર્ચને ધ્યાને લેતા કાયદાકીય રીતે નિયત થયેલ લઘુતમ દર રૂા. ૨૪/– એ આજના સમયે વ્યાજબી જણાતુ ન હોય, "કન્ઝર્વન્સી એન્ડ સુઅરેજ ટેકસ"માં સૂચિત વધારો સૂચવવામાં આવેલ છે.

| ક્રમ | વિગત | હાલના કરદર | કમિશ્નરશ્રીએ સૂચવેલ કરદર |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૧ | કન્ઝર્વન્સી એન્ડ સુઅરેજ ટેકસ | રૂા. ૨૪/–લઘુતમ દર | રહણાંક રૂા. ૪૦૦/– લઘુતમ દર<br>બિન રહેણાંક રૂા. ૮૦૦/– લઘુતમ દર |

## "ભૂગર્ભ ગટર હાઉસ કનેકશન ચાર્જ"માં સૂચિત વધારો :

જામનગર મહાનગરપાલિકા દ્વારા ભૂગર્ભ ગટર હાઉસ કનેકશન ચાર્જ રહેણાંક માટે રૂા.૭૦૦/– તથા બિનરહેણાંક માટે રૂા.૧૨૦૦/– વસુલવામાં આવે છે. જામનગર મહાનગરપાલિકાની વર્લ્ડ બેંક સહાયિત ભૂગર્ભ ગટર પ્રોજેકટ યોજના અનુસાર પ્રોજેકટ સસ્ટેનેબીલીટી માટે મહાનગરપાલિકાએ આ અંગેની આવક ઉભી કરવાની રહેતી હોય, ભૂગર્ભ ગટર હાઉસ કનેકશન ચાર્જમાં સૂચિત વધારો સૂચવવામાં આવેલ છે.

| ક્રમ | વિગત | હાલના કરદર | કમિશ્નરશ્રીએ સૂચવેલ કરદર |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| (૧) | રેસીડેન્ટ | રૂા. ૭૦૦/– | રૂા. ૧૦૦૦/– |
| (૨) | નોન રેસીડેન્ટ | રૂા. ૧૨૦૦/– | રૂા. ૧૫૦૦/– |

## વોટર ચાર્જીસમાં સૂચિત વધારો :

જામનગર મહાનગરપાલિકા દ્વારા વોટર ચાર્જીસમાં છેલ્લા ૧૦ વર્ષથી કોઈપણ જાતનો વધારો કરેલ નથી. મહાનગરપાલિકા દ્વારા છેલ્લા ૧૦ વર્ષમાં પાણીપૂરવઠાના નેટવર્કમાં ખાસ્સો એવો વધારો કરેલ છે. તેમજ છેલ્લા પાંચ વર્ષમાં ત્રણ વર્ષ અછતમાં નર્મદા પાણી ચાર્જીસના બિલોમાં પણ ખૂબજ વધારો થવા પામેલ છે. હજુ આગામી સમયમાં પણ નવા હદ વિસ્તારમાં પાણી પહોંચાડવાની જવાબદારી મહાનગરપાલિકાના શીરે છે. ફિલ્ટર પ્લાન્ટના વિજ બિલમાં પણ ખાસ્સો એવો વધારો થયેલ છે, આજના સમયે જામનગર મહાનગરપાલિકાના સ્ત્રોતમાંથી આપવામાં આવતુ પાણી રૂા. ૫.૧૫ પ્રતિ કિલો લીટર પડે છે. જયારે નર્મદાનું પાણી રેગ્યુલર રૂા ૭/– પ્રતિ કિલો લીટર પડે છે. જેની સામે વસુલવામા આવતો પાણી ચાર્જ રૂા. ૩.૦૫ જેટલો હોય, ઉકત ચાર્જમાં વધારો કરવો જરૂરી જણાય છે.

| ક્રમ | કર–દર–ચાર્જીસનું નામ | હાલના કર દર | કમિશ્નરશ્રીએ સૂચવેલ કરદર | નિયત થયેલી કેટેગરી |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| (બી) | **મીટર વગરના કનેકશનો માટે પાણી દર :–** | | | |
| ૧ | મ્યુનિ. હદમાં ઘર વપરાશમાં, છ આની કે તેની નીચેની સાઈઝમાં ફીકસ નળ કનેકશન લેવાનું રહેશે. જે હાઈરાઈઝ અને લોરાઈઝ બિલ્ડીંગમાં હયાત કનેકશનો હોય તેને મીટર કનેકશનમાં કન્વર્ટ કરવાના રહેશે. જુના ફીક્સ કનેકશનો મીટરમાં કન્વર્ટ કરવાની પ્રક્રિયા હાથ ઉપર છે. જે સત્વરે પૂર્ણ કરવામાં આવશે. | રૂા. ૯૦૦ | રૂા. ૧૨૦૦ | $RT_1$ to $RT_5$ |
| ૨ | મ્યુની. હદમાં આવેલ માન્ય સ્લમ વિસ્તારમાં ઘર વપરાશ, છ આની કે તેની નીચેની સાઈઝમાં ફીકસ નળ કનેકશન માટે<br>નોંધ : સ્લમ શાખા દ્વારા થયેલ સર્વે અન્વયે છેલ્લે ૨૭ પોકેટ નકકી થયેલ છે, તેટલા જ પોકેટના આસામીઓને ઉકત લાભ આપવાનો રહેશે. બાકી તમામને રેગ્યુલર ફીક્સ કનેકશનના બિલો ઈશ્યુ કરવાના રહેશે. | રૂા. ૪૦૦ | રૂા. ૬૦૦ | |

## કારખાના લાયસન્સ ફીમાં વધારો :

હૈયાત કારખાના લાયસન્સ ફીમાં ૨૦%નો વધારો સૂચવવામા આવેલ છે.

## સોલીડ વેસ્ટ કલેકશન ચાર્જ:

સફાઈ પાછળ વહન કરવાના થતા ખર્ચમાં કાયમી અને અવેજી કામદારોના પગાર ખર્ચ, ઘનકચરા નિકાલ ખર્ચ, વાહન ખર્ચ વિગેરેમાં દિનપ્રતિદિન વધારો થતો જાય છે. છેલ્લા બે વર્ષમાં સફાઈ પાછળ રેવન્યુ ખર્ચ જોઈએ તો સને. ૨૦૧૫–૧૬માં રૂા. ૫૨.૫૧ કરોડ અને સને. ૨૦૧૬–૧૭માં રૂા. ૬૧.૬૫ કરોડ થયેલ છે. જેની સામે સોલીડ વેસ્ટ કલેકશન ચાર્જની આવક સને. ૨૦૧૫–૧૬માં રૂા. ૧.૩૯ કરોડ અને સને. ૨૦૧૬–૧૭માં રૂા. ૧.૫૩ કરોડ થયેલ છે. સને ૨૦૧૭–૧૮માં રીવાઈઝડ ખર્ચ રૂા. ૭૫.૦૭ કરોડ થવા જશે અને સને ૨૦૧૮–૧૯ માં ખર્ચ રૂા. ૮૧.૪૮ કરોડ થવા જશે. આ આંકડા ઉપરથી જ ફલિત થાય છે કે, મહાનગરપાલિકાએ આ ચાર્જમાં વધારો સુચિત કરવો જોઈએ.

| ક્રમ | વિગત | હાલના કરદર | કમિશ્નરશ્રીએ સૂચવેલ કરદર |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૧ | (૧) રહેણાંક | રૂા.૧૦/– પ્રતિ માસ | રૂા.૫૦/– પ્રતિ માસ |
| | (૨) બિનરહેણાંક | રૂા.૧૦/– પ્રતિ માસ | રૂા.૫૦/– પ્રતિ માસ |
| | (૩) ઈન્ડસ્ટ્રીયલ | રૂા.૨૦/– પ્રતિ માસ | રૂા.૧૦૦/– પ્રતિ માસ |

- ફાયર એન.ઓ.સી. ચાર્જમાં ૫૦%નો વધારો
- ટાઉન હોલ ભાડામાં ૩૦%નો વધારો
- મ્યુનિ. મિલ્કતના ભાડામાં ૨૦% વધારો
- જાહેરાત બોર્ડના દરમાં ૨૦% વધારો
- અનઅધિકૃત / ગેરકાયદેસર બાંધકામ દબાણોમાં ૨૦% વધારો

➢ **કરદરમાં સૂચવેલ ફેરફારો / વધારો મંજૂર થયેથી મ્યુનિ. આવકમાં અંદાજે નીચે મુજબ વધારાની આવક હેડવાઈઝ મળશે. તે મુજબ સને. ૨૦૧૮–૧૯ના આવકના અંદાજમાં ઉમેરવાની થશે.**

| ક્રમ | હેડ | અંદાજે વધારો |
|---|---|---|
| ૧. | પ્રોપર્ટી ટેકસ અને કન્ઝર્વન્સી એન્ડ સીવરેજ ટેકસ | રૂા. ૧૫.૦૦ કરોડ |
| ૨. | વોટર ચાર્જ | રૂા. ૨.૦૦ કરોડ |
| ૩. | ભુગર્ભ ગટર હાઉસ કનેકશન ચાર્જ | રૂા. ૦.૨૦ કરોડ |
| ૪. | સોલીડ વેસ્ટ કલેકશન ચાર્જ | રૂા. ૧૨.૦૦ કરોડ |
| ૫ | અન્ય ચાર્જ | રૂા. ૦.૫૦ કરોડ |
| | **કુલ** | **રૂા. ૨૯.૭૦ કરોડ** |

- **સૂચનો :**

(૧) ઈ–ગવર્નન્સ અંતર્ગત એફ.એ.એસ. મોડયુલ તૈયાર થઈ રહયું છે, જે માર્ચ–૨૦૧૮ અંતિત પૂર્ણ થવાનું હોય. આગામી સાલથી હાથ ધરવાના થતા તમામ કામોનો પ્રોજેકટ કોડ એકાઉન્ટ શાખામાંથી ફરજીયાત મેળવવાનો રહેશે. તમામ અંદાજપત્ર એફ.એ.એસ. મોડયુલમાં લાઈવમાં મૂકવામાં આવેલ હોય, તમામ પ્રકારના બિલો મોડયુલમાંજ બનાવવાના રહેશે. જો બિલોમાં કોઈપણ સુધારો–વધારો કરવાનું ખાતાકીય લેવલે કે ઓડીટ લેવલે સૂચન થાય તો સૌપ્રથમ પ્રોજેકટ સુધારી અને ઓનલાઈન કમ્પ્યુટરમાં સુધારો કરવાનો રહેશે. મેન્યુઅલી સુધારો કરવાનો રહેશે નહીં. ઓડીટ શાખાએ પણ ઉકત મેન્યુઅલી સુધારો થયેલ હોય તેવા બિલો પાસ કરવાના રહેશે નહીં.

(૨) રીવાઈઝ અંદાજપત્રમાં મૂકવામાં આવેલ અને આગામી વર્ષના અંદાજપત્રમાં મૂકવામાં આવેલ ખર્ચ જોગવાઈ ને આધીન જ કામો કરવાના રહેશે જે કંઈપણ ખર્ચની દરખાસ્તો કમિશનરશ્રી લેવલે અને સ્ટેન્ડીંગ કમિટી સમક્ષ રજુ કરવામાં આવે તેમાં અંદાજપત્રીય જોગવાઈ, થયેલ ખર્ચ, બચત ગ્રાંટ ની વિગતો સહ દરખાસ્તો રજુ કરવાની રહેશે.

(૩) કોઈપણ કામના વર્ક ઓર્ડર આપતા પહેલા ગ્રાન્ટ ઉપલબ્ધી અંગેનુ એન.ઓ.સી. એકાઉન્ટ શાખામાંથી ફરજીયાત મેળવવાનું રહેશે.

(૪) તમામ શાખાઓએ લાગુ પડતા રાજય/કેન્દ્ર સરકારશ્રીના તમામ ટેકસીસ જેવા કે, જી.એસ.ટી., ઈન્કમ ટેકસ, ટી.સી.એસ., ભવિષ્યમાં લાગુ થનાર અન્ય ટેકસ, લેબર શેષ, કેરણ વેસ્ટ ચાર્જ વિગેરે ટેકસીસ શાખાએ ફરજીયાત ઉઘરાવવાના રહેશે. અન્યથા શાખા અધિકારી / કન્ટ્રોલીંગ અધિકારીની જવાબદારી રહેશે.

(૫) મહાનગરપાલિકા દ્વારા કોન્ટ્રાકટર / વેન્ડર રજીસ્ટ્રેશન ઓનલાઈન મૂકવામા આવેલ છે. દરેક કોન્ટ્રાકટર / વેન્ડર ફરજીયાત રજીસ્ટ્રેશન કરવાનું રહેશે. ત્યારબાદ જ કોન્ટ્રાકટર / વેન્ડરનું લેજર એકાઉન્ટમાં ખોલવામાં આવશે.

(૬) એમ્પ્લોઈ પ્રોવિડંટ ફંડ એન્ડ મીસેલીનીયસ એકટ ૧૯૫૨ અનુસાર પ્રિન્સીપલ એમ્પલોયર તરીકે કોન્ટ્રાકટરના કામદારોની ઈ.પી.એફ. કોમ્પ્લાયન્સની જવાબદારી જામનગર મહાનગરપાલિકાની રહે છે. આથી તમામ બ્રાન્ચ અધિકારીએ કોન્ટ્રાકટરના કામદારોની વેતન ચૂકવણી અને ઈ.પી.એફ. કોમ્પલાયન્સ ફરજીયાતપણે ચેક કરવાના રહેશે. આ બાબતે જણાયેલ ક્ષતિ

અને ભવિષ્યે થતી જવાબદારી જામનગર મહાનગરપાલિકા ભોગવશે નહીં અને જે તે બ્રાન્ચ અધિકારીની નિયત કરવામાં આવશે.

(૭) રૂા. ૧૦૦૦થી ઉપરના તમામ બિલોનું ચુકવણુ ઓનલાઈન કરવાનુ ફરજીયાત બનાવેલ હોય, આવા રૂા. ૧૦૦૦થી ઉપરના તમામ બિલોમાં પાર્ટીનું પુરૂ નામ(બેંક ખાતામાં દર્શાવેલ હોય તે મુજબ), પાન કાર્ડ, બેંક એકાઉન્ટ નંબર (પુરા ડીજીટમાં), આઈ.એફ.એસ.સી. કોડ, માઈકર કોડ, બેંકનું નામ તથા બ્રાન્ચની વિગતો સ્પષ્ટ પૂરી પાડવાની રહેશે. અન્યથા આવા બિલોનું ચૂકવણુ કરવામાં આવશે નહીં. ડાયરેકટ બેનીફીટ ટ્રાન્સફર આધાર બેઈઝથી પેમેન્ટ કરવાનું થતું હોય, કર્મચારીઓ અને લાભાર્થીઓના આધાર નંબર ફરજીયાત માસ્ટરમાં અપડેટ કરવાના રહેશે.

(૮) આવક કરતી તમામ શાખાએ નિયત થયેલ અંદાજપત્ર કોડ અને એકાઉન્ટ કોડ ઉપર જ પહોંચ કઢાવવાની રહેશે. જો આ બાબતે કોઈ વિસંગતતા જણાય તો એકાઉન્ટ શાખામાં સંપર્ક કરવાનો રહેશે.

(૯) જામનગર મહાનગરપાલિકાનું કેપીટલ સ્વભંડોળ અંદાજપત્ર માત્રનેમાત્ર જમીન વેચાણની આવક ઉપર આધારીત હોય, સ્વભંડોળના કામો અન્વયે જમીન વેચાણથી થયેલ ઉપજની ઉપલબ્ધી અનુસાર સ્વભંડોળના કામો હાથ ધરવાના રહેશે.

(૧૦) આવશ્યક અને ઈમરજન્સી કામો અન્વયે જે કંઈપણ દરખાસ્ત કમિટી સમક્ષ કરવામાં આવે તે કામ અંગે અંદાજપત્રમાં ગ્રાંટ ઉપલબ્ધ ન હોય તો તેવા સંજોગોમાં કામના ખર્ચ મંજુરીની સાથે ગ્રાંટ ટ્રાન્સફર ની દરખાસ્ત પણ સાથે જ કરવાની રહેશે.

ઉપરોકત હકીકતે ધી ગુજરાત પ્રોવિન્સીયલ મ્યુનિસિપલ કોર્પોરેશનએકટ–૧૯૪૯ની કલમ–૯૫, ૯૯, ૧૨૭ હેઠળ રીવાઈઝડ કરવામાં આવેલ અંદાજો નજર સમક્ષ રાખી **<u>સને.૨૦૧૮–૨૦૧૯નાં વર્ષનું અંદાજપત્ર તૈયાર કરવામાં આવે છે.</u>** જે સ્ટેન્ડીંગ કમિટી મારફત જનરલ બોર્ડની મંજુરી મેળવવા માટે આ સાથે હું રજૂ કરૂ છું.

**જામનગર.**
**તા.: ૩૧/૦૧/૨૦૧૮**

**(આર. બી. બારડ)**
આઈ એ એસ
કમિશ્નર.
જામનગર મહાનગરપાલિકા